# નિસ્યંદન

( ગુજરાતી કવિતાનું   ઈ–સામયિક )

એપ્રિલ  ૨૦૧૪

વર્ષ – ૩  અંક – ૧  સળંગ અંક – ૧૩

## ઑફિસકાવ્ય વિશેષાંક



તંત્રી-સંપાદક

**યોગેશ વૈદ્ય**

<u>પરામર્શક</u>

જનક દવે    સાહિલ    શશિકાંત ભટ્ટ 'શૈશવ'    જિતુ પુરોહિત

*

આ અંકના ફોટોકલાકાર : ટોમી ઇનબર્ગ (Tommy Inberg)

*

પરિકલ્પના અને સજાવટ : યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી

*

અક્ષરાંકન : ભૂલોક દવે

*

ટેકનિકલ સહયોગ : ગુંજા વૈદ્ય

*


## o <u>'નિસ્યંદન' વિશે</u>

o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઈટ <u>http://yogish.co.in</u> પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

અથવા

<u>https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ</u>

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

## o <u>'નિસ્યંદન' માટે આવકાર્ય છે</u>

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *<u>અપ્રગટ રચનાઓ જ મોકલશો. બ્લૉગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં.</u>*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત ( ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો. )

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *<u>'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.</u>*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

## o <u>અમને મળવાનાં ઠામ-ઠેકાણાં</u> :


o ટપાલ દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - <u>mryogi62@gmail.com</u>

o વેબસાઈટ - <u>http://yogish.co.in</u>    o બ્લૉગ - <u>http://yogesh-vaidya.blogspot.com</u>

o ફેઇસબુક પેઇજ - <u>https://www.facebook.com/Nisyandan</u>

# અનુક્રમ

( પૃષ્ઠ  નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા પર  ક્લિક કરી અનુક્રમ પર પરત આવો )

## O ઑફિસ કવિતા : નવા જ વિષયની ભ્રમણકક્ષા પર કવિતાની ફેરફુદરડી



ઑફિસ એ તેની ચાર દીવાલોની દેખીતી અને યંત્રવત/જડ નિયમોની અદ્રશ્ય સીમાઓમાં બંધાઈને રહેતી એક આગવી વ્યવસ્થા છે; **Stupid** જણાતું સ્થળવિશેષ છે, નોકરી–ધંધો કરતાં સામાજિક પ્રાણીઓના જીવનનું કદાચ અણગમતું પણ અનિવાર્ય અંગ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઑફિસ આપણાં સર્વેનાં જીવનમાં પોતાની ઉપસ્થિતિ પ્રસ્થાપિત કરી જ રહે છે. ઑફિસની પેલી ચાર જડ દીવાલો વચ્ચે જીવતાં-જાગતાં માણસો કામ કરે. વ્યવસ્થાઓનો અતિરેક અને નીતિ-નિયમોની વિચિત્ર જડતા વચ્ચે આ જીવતાં માણસોની ચૈતસિક સ્થિતિને તપાસવાનો એક ઉપક્રમ કવિતાના માધ્યમથી થાય, તેવું કૈંક શરૂઆતમાં વિચારેલું. ફોટો-કલાકાર ટોમી ઇનબર્ગના કામને 'નિસ્યંદન'માં મૂકવાની પરવાનગીએ આ વિચારબીજને ઊગી જવા ખાતર-પાણી આપ્યાં. પાછળથી 'ઑફિસ કવિતા'ની વ્યાખ્યાનો વ્યાપ પેટિયું રળવા થતી પ્રવૃત્તિની કવિતા - 'Work Poetry' સુધી પણ વિસ્તાર્યો અને 'ઑફિસકાવ્ય વિશેષાંક' પ્રગટ કરવનો મનસૂબો જાહેર કરાયો. ગુજરાતી કવિતા કોઈ નવા જ વિષયની ભ્રમણકક્ષા પર જઈને ફેરફુદરડી ફરે તો કેવી લાગે તે જાણવા-માણવાની એક ઇચ્છા પણ ખરી. જોકે પ્રવર્તમાન સાહિત્યિક પ્રવાહો વચ્ચે આ વિચારને સારો પ્રતિસાદ મળે તે બાબતે બહુ મોટી અપેક્ષાઓ નહોતી જ.( આપણે કાવ્યપ્રકારોની બાબતમાં છીએ તેમ, કાવ્યના વિષયોની બાબતમાં પણ પાંખા જ છીએ ) છતાં જે પ્રાપ્ત થયું છે તે સુખદ અને મહદ્અંશે અપેક્ષાથી વધુ છે.

અહીં સવારે, બપોરે અને સાંજે ઑફિસમાં થતાં સૂક્ષ્મ પરિવર્તનોનાં રસપ્રદ અવલોકનોનું ઑફિસની શબ્દાવલીમાં આસ્વાદ્ય નિરૂપણ કરતાં રમણીક અગ્રાવતનાં  કાવ્યો ( સાવ નિચોવાઈ ચૂકેલી કાર્યક્ષમતા / ઓવરટાઈમના અંદેશાથી ઘડિયાળમાં ઘૂમરડીએ ચઢે. / મોફૂફીઓ વહેતી થાય. / અટવાયેલી ચુકવણીઓ ચપટીમાં ઉકેલાય. / વહીવટી શબ્દકોશમાં પેધેલી ગરવી ઊધઈ / ઘડીક આઘીપાછી થઈ જાય ) છે. તો ઑફિસિયલ મૅટરનું  અનઑફિસિયલ મેટફર રજૂ કરતી હરીશ મીનાશ્રુની  સ-રસ કવિતા ( ચાના કપનું બદામી રંગનું ચકરડું પડે છે મિસ ગુંદીગરાના ટેબલ પર / જે બી માથુકિયા મંત્રમુગ્ધ થઈને એને, - આઈમીન, ચકરડાને – જોયા કરે છે / મિસ ગુંદીગરા ટાઈપ કરે છે : સ્ટુપિડ / 'છટે હુએ ગઝલકાર'ની જેમ જે બી માથુકિયા કાફિયાબંદી કરે છે : ક્યુપિડ ) પણ છે. ઑફિસના કર્મચારીઓનો મનોવ્યાપાર અને ગમતા-અણગમતા અભિગમોની યથાર્થ રજૂઆત કરતી જિતુ ત્રિવેદીની કવિતાઓ છે તો વિરાફ કાપડિયાની આધુનિક કર્મચારીઓના મનોજગતને પ્રતિબિંબિત કરતી માર્મિક કવિતા પણ છે. વિનોદ જોશીના સૉનેટમાં મુંબઈની ટાઈપિસ્ટ ગર્લના અંગતને ગ્રસી જતા ઘોંઘાટને, ઑફિસના ટાઈપરાઈટરના 'ટકફ્ટક'માંથી લક્કડખોદના 'કટફ્કટ'માં થતું રવાનુકારી રૂપાંતરણ સરવા કાને સાંભળતાં આસ્વાદ્ય લાગે છે. ઑફિસથી ભાગી છૂટવાની ઝંખનાને  સંસ્કૃતિરાણી દેસાઈએ " નથી રોજ સહી કરવી/ જિંદગીના હાજરીપત્રકમાં / નથી ફરજિયાત લસરાવવું એટેન્ડન્સ કાર્ડ હાજરીના મશીનમાં / છો ગેરહાજરી ગણાય કે ગણાય રજા" – જેવી સીધી અને સરળ બાનીમાં નિરૂપી આપી છે. તો જિગર જોષીએ "ફાઈલોનાં ફૂલ બધાં જંગલનાં ફૂલ સમાં – ઊઘડે પણ ખુશ્બૂ ના હોય / ગમ્મે ત્યાં સ્પર્શીએ પણ દુખાવો થાય જાણે ટેરવા પર ગૂમડું ના હોય / સાતસો ને ચોર્યાશી એકરમાં ઑફિસ પણ લાગણીનો ક્યાંય નહીં ટાવર" જેવી સુંદર પંક્તિઓ આપી છે. ભરત ત્રિવેદીની 'ઑફિસ' રચના એક નોંધપાત્ર કવિતા છે. " ઑફિસને કાન હોય / પણ તમે તેને કરડી ના શકો / મન તો થઈ આવે ક્યારેક / કે એટલી ઊંચાઈ પર /પહોંચી જાઉં કે/ પછી તેને ખભે બેસીને / તેના વાળ ખેંચું, / તેના ગોળમટોળ ગાલ પંપાળીને / એક હળવી થપ્પડ મારું"- આ ઑફિસ પ્રત્યેના અણગમાની નાવીન્યસભર અને બળકટ અભિવ્યક્તિ છે. મુકેશ જોષીએ ઑફિસને વિશ્વરૂપમાં ઢાળી આપી ઑફિસને જોવાનો એક નવો જ હકારાત્મક અભિગમ દાખવ્યો છે. "ક્યારે આળસ મરડવી સૂતી ખાઈએ ક્યારે પર્વત થવાનું ખીણબાઈએ / હર ભૂકંપે નવું શું સરજવું રહ્યું તેલ ક્યારે થવાનું હશે રાઈએ / છે પળેપળની આખી ગણતરી છતાં, ફાઈલ વચ્ચે લખેલું નથી કાંઈએ / ડાળ કે છોકરી બેઉ સુંદર દીસે એટલું કામ કરવાનું અંગડાઈએ...... આંખ ઝીણી કરીને જુઓ તો ખરા ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની" જેવી એક તરોતાજા અને ઉત્તમ રચના પ્રાપ્ત થઈ છે.

ઑફિસમાંથી નિવૃત્તિ પામતા કર્મચારીની મનોવ્યથા પન્ના નાયકની કવિતામાં "એને લાગે છે: / એને કોઈક / વખારે મોકલી રહ્યું છે." એ શબ્દો દ્વારા તથા નટવર ગાંધીના સૉનેટમાં " હવે નિવૃત્તિમાં ખબર પડી કે કામ સઘળાં / થતાં મારા વિના, નથી અટકતું કાંઈ, સમજો / અને ના બોલે જે જન લળી લળી વાત કરતાં, / ન'તી મારી હસ્તી બસ જગત તો એમ

વરતે.”-માં સુપેરે નિરૂપાઈ છે. આ વ્યથા ઑફિસ વિષેના પેલા અણગમાને, પેલી નકારાત્મકતાને સાવ ખોટી પાડી દે છે. જીવન આખું જે સ્થળ બંધિયાર લાગ્યું તે જ સ્થળને છોડતી વેળા આવો વિષાદ પણ થાય એ કેવું વિચિત્ર સત્ય છે? ડૉ.નીરજ મહેતાએ ‘ઑફિસ-સૂત્ર’માં ઑફિસનો સીધો ઉલ્લેખ કર્યા વગર જ ઘર અને ઑફિસ વચ્ચે સાયુજ્ય સાધી આપતી રચના આપી છે.“ ભરજે ટિફિનમાં મીઠડી તાજી હવાનાં ચોસલાં / થોડુંક તીખું ચાલશે થોડાક તડકા મૂકજે “ -માં તાજગીસભર ગઝલનુમા અભિવ્યક્તિ ધ્યાન ખેંચે છે. અપેક્ષા મુજબ અહીં ગઝલો પ્રમાણમાં ઓછી પ્રાપ્ત થઈ છે. સુધીર પટેલ (“નામ તો એનાં છે Musterમાં મગર, હાજરી No Where છે ઑફિસમાં !), હેમાંગ જોષી (“ થાય છે તાકીદઃ સાંજે ઘેર વહેલાં આવજો, ને પછી લઈ જાવ છું તકરાર ઓફિસ–બૅગમાં.”) તથા જિતુ ત્રિવેદી દ્વારા (શ્વાસ ઉપર રંધાની અણઘડ છોલંછોલ / ગાઉ-ગાઉના ગાળે કોઈની ઑફિસ છે) દ્વારા ગઝલોમાં ઑફિસ વિષે યથોચિત નિરૂપણ સધાયું છે. તો ફકત ગઝલો જ લખતા ‘સાહિલ’, અને શશીકાંત ભટ્ટ ‘શૈશવ’ પાસેથી પ્રથમ વખત જ અછાંદસ કાવ્યો મળે તેને આ ‘ઑફિસ’ જેવા વિષયની સુખદ દેનગી જ સમજવી રહી. પીયૂષ ઠક્કર પાસેથી Work Poem પણ મળ્યું છે – (આખરે, એ એક જ વાત ને સમજ્યો છે / બે હાથ, બે પગ, બે આંખ, એક જીભ ને બે કાન વડે / ભૂખના ઊંડાણને ને / મનના પેટાળને / સમજી લેવાનું હોય છે.)

કવયિત્રી ઇંદુ જોશીનાં કાવ્યોમાં ‘મેદાનમાંથી પાણી ઉલેચતા માણસનું ઑફિસ સાથે ફિલોસોફિકલ સંધાન પ્રાપ્ત થાય છે; તો “ સાવ સપાટ જમીનને / જુદા જુદા આકારવાળી બનાવતાં / આ પગલાં જ લઈ જાય મને / ઑફિસના મસ્ટરમાં / સહી કરાવવા.”- પંક્તિઓ આ કવયિત્રી પાસેથી ભવિષ્યમાં વધુ બળકટ અભિવ્યક્તિની આશા જન્માવે છે. કોર્પોરેટ કલ્ચરને નિરૂપતું કાવ્ય આપવાની કોશિશ આ લખનારે (યોગેશ વૈદ્યએ ) પણ કરી છે અને ઑફિસ બહાર પ્રતીક્ષાના પ્રતીક સમા બાંકડાને ચિત્રિત કરવાનો પ્રયત્ન પણ કર્યો છે. તો મિલિન્દ ગઢવીએ **दिन मैं बीवी का काम पर जाना / रात को मेरी नौकरी अक्सर / अपने बच्चों की आँखों में देखी / हमने किश्तों की ज़िंदगी अक्सर** – દ્વારા ઉર્દૂ કવિતાના રંગો પણ પૂર્યા છે.

અહીં ઑફિસને વ્યંગનો રંગ પણ ચઢ્યો છે. જિતુ ત્રિવેદી (એક દી હું બે મિનિટ બેઠો તો લાગ્યું / બૉસની ખુરશી તો મારા માપની છે), વંચિત કુકમાવાલા (ત્યાં પ્રશ્ન થશે હલ, તમે સાહેબને મળો / સમજો જરા સિગ્નલ, તમે સાહેબને મળો) તથા બકુલેશ દેસાઈએ ( પગાર છે ઓછો - આછો ? ઓ.કે. ઉપરની આવક મબલખ હો ! / ઈંડાં દઈ દે...છીંડાં દઈ દે તું... કટકીબટકી...પાનસોપારીઃ આશા સખની હો ! ) અણિયાળા વ્યંગની મહેફિલ સજાવી આપી છે.

કેટલાંક વિદેશી ભાષાનાં કાવ્યોના અનુવાદો પણ ઉપલબ્ધ થયા છે. વિદેશમાં ઑફિસકાવ્યોના જ વિશેષ મેળાવડાઓ / સંમેલનો કરતા કવિસમૂહો પણ મળી આવે છે. કવયિત્રી મર્જ પિએર્સીનું ‘સેક્રેટરીનું કીર્તન’ કાવ્ય એક નારીવાદી ઑફિસકાવ્ય છે. અહીં આધુનિક નારીવાદની જ્વલનશીલ અભિવ્યક્તિને પામી શકાય છે.

તો, મિત્રો, કંઈક આવો રચાયો છે આ ઑફિસ-કવિતાનો કલાપ. અમારા નિમંત્રણને સ્વીકારી, ઓફિસ-કવિતા લખી મોકલનાર સર્વ કવિશ્રીઓનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. ગુજરાતી કવિતાના પ્રબુદ્ધ વાચકોને, સાહિત્યકારોને, વિવેચકોને આ ઉપક્રમ કેવો લાગ્યો તે જાણવાની ખરેખરી તાલાવેલી છે. ( કવિ કમલ વોરાએ તો લખી જણાવ્યું છે કે–“ ગુજરાતી કવિઓ ઑફિસ વિષે શું લખે છે તે માણવા ઉત્સુક છું”) આપના પ્રતિભાવો અને સૂચનો જ અમને આવા અખતરાઓ કરતાં રહેવા જોમ પૂરું પાડશે. આ ઉપક્રમની નોંધ ‘પ્રથમ વખત’ જેવા વિશેષણ સાથે ભલે ન લેવાય, પણ એક ‘ઉત્સાહપૂર્ણ’ પ્રયત્ન તરીકે પણ યથાયોગ્ય નોંધ લેવાશે તો અમને હરખ થશે.

આપને સાંભળવા મારા કાન ઉત્સુક છે.

**O યોગેશ વૈદ્ય** **તારીખ : ૩૧ . ૪ . ૨૦૧૪**

## O ઑફિસ ત્રિકાલ





૧.

સવારે સવારે
ઓઝોન લેવલ ઉછાળ પર હોય છે.
બને છે એવું કે બરોબર ત્યારે જ
ઓફિસનો શૂન્યકાળ હોય છે.
નહીં તો દેન છે કોઈ તુમારની કે
હલ્યાચલ્યા વિના ફાઈલોમાં પગ ખોડી પડી રહી શકે?
દેન છે કોઈ બજવણીની કે
જરાય ચસક્યા વિના બસ એમ જ ખુરશીમાં ઘોર્યાં કરે?
સમય સમયને માન.
ઓઝોન જેવો ઓઝોન (સાહેબની ધાક જેવો,
એ કંઈ થોડી દેખાય, એ તો હોય !)
કંઈ પણ કર્યાં વિના ફાઈલોને ખંખોળતો
ફરફર્યાં કરે વહેલી સવારે.

૨.

બપોરની ઓફિસનો રંગ સાવ જુદો
સ્ટેશનરી, ફાઇલો, ટેબલ–ખુરશીઓ
પાટલીઓ, પગ–ટેકણિયાં, ઘંટડીઓ, ફ્લૅપ–ડોર
બધાંમાં જીવ આવી જાય.
જીવ પર આવી ગયેલા આસામીઓ
આવી પૂગે નવો દિવસ ઉઘાડતાં.
તકેદારીઓ થાય ઊંચે કાન.
સૂચના, માહિતી અને માર્ગદર્શન સંપી જઈને
યોજનાઓ ઉપર હલ્લો લાવે.
દીવાલોના કાન હાલાકીના ખબર લઈ જાય
તે પહેલાં આટોપાતા નિકાલ અને
આસામીની હાશ વચ્ચે
ખરેખર કેટલું અંતર રહી જશે
(હેં હેં હેં) એ તો કેમ કહી શકાય?

૩.

સાંજ પડતાં પડતાંમાં
સાવ નિચોવાઈ ચૂકેલી કાર્યક્ષમતા
ઓવરટાઈમના અંદેશાથી ઘડિયાળમાં
ઘૂમરડીએ ચઢે.
મોકૂફીઓ વહેતી થાય.
અટવાયેલી ચૂકવણીઓ ચપટીમાં ઉકેલાય.
વહીવટી શબ્દકોશમાં પેધેલી ગરવી ઊધઈ
ઘડીક આઘીપાછી થઈ જાય.
છાતી તાણતા રોબદાર તુમાર
રવાનગીને ખોખે પુરાય.
ચોવીસ કલાકનો દિવસ
લાંબામાં લાંબો થઈ શકે તેટલો થાય.

**O રમણીક અગ્રાવત**



## O ટાઈપિસ્ટ ગર્લ : મુંબઈ
(સૉનેટ : પૃથ્વી છંદ)





ટકક્ટકટકક્ટકક્ટકટકક્ટકક્ટક્ટકક્....
ફરે મૃદુલ ટેરવાં ઝડપભેર ટાઈપ પે.
ઘસે શત પ્રહારથી ક્ષત ક્ષણે ક્ષણે થૈ જતા
અનેક મુડદાલ કાગળ, દિવાલ ડંકા થઈ
બજે, તરત હિલ્સ સેન્ડલ તણી સરે લિફ્ટમાં.
ગલી, સડક, ટ્રેન, ટેક્સી- અટકે જુહૂ બીચમાં.

હલો ડિયર ! ઓહ્ યુ નૉટી, ડુ યુ નો યુ ટુ લેઈટ્ ટુ ડે,
યુ સી, રિયલી સૉરી, ડોન્ટ બી સિલિ, કિસ્ મી, હાવ્ સ્વીટ્ યુ આર્ !

ધુમીલ અજવાસ રુગ્ણ હળવે રહ્યો આથમી,
રહી મલકી તેજપુંજ તણી શૃંખલા ચોતરફ;
લઈ સૂરજ બાથમાં ક્ષિતિજ ગાઢ ભીંસે તહીં,
પ્લવંગ સમ ઊછળે ભરતી-લોઢ કાંઠા લગી.

હજી લકડખોદ ક્યાંક ખણતાં ક્ષણોને સતત્-
કટક્કટકટક્કટક્કટકટક્કટક્કટ્કટક્....

**O વિનોદ જોશી**



## O હવે નિવૃત્તિમાં



સવારે ઊઠીને સ્વજન સહુને મૂકી પડતાં
જતો'તો દોડી હું જગ સકળનું કામ કરવા
થતું- મારા વિના બધું અટકશે લોક પૂછશે:
ભલા ક્યાં છો? ક્યાં છો? તમ વિણ પડે ના ખબર કૈં
લઈ ભારો જાણે ભરતભૂમિનો રાત દિન હું
અજંપે, ના સંપે, અહીં તહીં ઘસું, હુકમ કરું,
અને લોકો કંપે, કંઈ કરગરે, કૈંક થરથરે,
થયું મારું ધાર્યું- વરસ ત્રીસ તો એમ જ ગયાં.

હવે નિવૃત્તિમાં ખબર પડી કે કામ સઘળાં
થતાં મારા વિના, નથી અટકતું કાંઈ, સમજો
અને ના બોલે જે જન લળી લળી વાત કરતાં,
ન'તી મારી હસ્તી બસ જગત તો એમ વરતે.
ઘરે બેઠો બેઠો ફરી ફરી જતો ઑફિસ છતાં
કદાચે મારી જો જરૂર પડી તો એમ ગણીને.

**O નટવર ગાંધી**

## O (અન)ઑફિસિયલ મેટ(ફ)ર



જે બી માથુકિયા અત્યારે નિવૃત્તિના આરે
ને વૃત્તિના ઓવારે છે
એક જોતિષી મિત્રે કહેલું, જન્માક્ષર જોઈને,
કે બોસ, શરીરે આવું જ રહેશે,સાતમા કે સાઠમા ઘરમાં શનિ છે ને , એટલે.....
આવું એટલે કેવું? – એ બાબત સમજ્યા વિના ભરોસો બેસી ગયેલો
સમજ્યા વિના બેસી ગયેલો ભરોસો ટકાઉ હોય છે

બપોરે શ્રી સવા વાગ્યા છે
સમય થઈ ગયો છે : બાજુના ટેબલવાળાં,-
પડોશણ જ કહોને, - મિસ ગુંદીગરા.....
( બધા એમને મિસ્ચીવિયસલી મિસ કહે છે ) ચા મગાવે છે
ને પોતાના રૂંવાટીદાર હોઠથી બુચકારા બોલાવે છે
આ બુચકારા તમે સમજો છો એવા નૉટી નથી,
એમાં કેફિનની માત્રા ફોર્ટી પ્લસ સન્નારીને છાજે એટલી જ છે
એ નિર્દોષ છે, ચાની ચુસ્કી જેટલાં જ.
મિસ ગુંદીગરાને ખગોળવિદ્યામાં જરાય રસ નથી
હા, અંગ્રેજી ગોસિપ મેગેઝિનમાં ફોટા જોવાનો ચસ્કો ખરો
એટલે બપોરે શ્રી સવા વાગે, સીપ અને ગોસિપ : ચુસ્કી અને ચસ્કો.

ચાના કપનું બદામી રંગનું ચકરડું પડે છે મિસ ગુંદીગરાના ટેબલ પર
જે બી માથુકિયા મંત્રમુગ્ધ થઈને એને, - આઈ મીન, ચકરડાને – જોયા કરે છે
મિસ ગુંદીગરા ટાઈપ કરે છે : સ્ટુપિડ
‘છટે હુએ ગઝલકાર’ની જેમ જે બી માથુકિયા કાફિયાબંદી કરે છે : ક્યુપિડ
ઓફિસના અંતરીક્ષમાં અત્યારે કેવળ
મિસ ગુંદીગરાનું ઊજળું ગોળમટોળ મોઢું તરી રહ્યું છે, જ્યોતિર્પિંડની જેમ
જે બી માથુકિયા તર્જની વડે ચાનું એ ચકરડું મૃદુતાથી ઉપાડે છે, બોલિવુડની ચોરેલી તર્જ પર
ગોળ ગોળ ફેરવે છે ને મિસ ગુંદીગરાના ચહેરાની ફરતે મૂકી દે છે
શનિના વલયોની જેમ.

આ ખગોળીય ઘટનાની કોઈને જાણ નથી, સિવાય શનિને
જે બી માથુકિયા ભલે ઘરભંગ હોય
એ તો હજીય સાતમા કે સાઠમા ઘરમાં -
દેહસ્થાને બેઠો છે
ને એટલે ( જે બી માથુકિયાનો ભરોસો, - કે’વું પડે ! )
શરીરે આવું જ રહેશે, જે બી માથુકિયાને, જીવશે ત્યાં લગી.
જોતિષી કૈં ખોટું કહેતો હશે ?

**O હરીશ મીનાશ્રુ**

## O ઑફિસ



પાંદડું ક્યારે લીલું ને પીળું થશે ક્યાં જશે એ ખરીને ખબર રાખતાં
એક કીડીએ ઉપવાસ ક્યારે કીધા એને સાકર મળે એ નજર રાખતાં
વૃક્ષનો એક પડછાયો લાંબો કરી ગાય બેસી શકે એ ખબર રાખતાં
એક પંખીએ ટહુકો જો ઓછો કીધો તો એ શું કામ એની નજર રાખતાં
કેટલી ઝીણવટથી કરે કામ સહુ તોય આશા ના રાખે પુરસ્કારની
આંખ ઝીણી કરીને જુઓ તો ખરા ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની

ફોન કે ફેક્સની ક્યાં જરૂરત રહી, વાયરાથી બધી વાત પહોંચી જતી
ક્યાય પૃથ્વી ન થાકે ન સૂરજ સૂએ, ધ્યાન એવું શનિની વધે ના ગતિ
કોઈ તારા ન છોડે જગા એમની, ને ખરે તો એ ક્યાં વાત નક્કી થતી
ચંદ્ર માથે ગ્રહણ કેટલું રાખવું એ ગતિનીય સાચી સમીક્ષા થતી
માત્ર અજવાસ નહીં પણ કદર અહીં થતી હર અમાસે મઢેલા કો અંધારની
આંખ ઝીણી કરીને જુઓ તો ખરા ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની

જાણે છે સહુ સમંદરને ઊડવા વિષે, કે કિરણ આવશે એમને લઈ જવા
હોય છે જળને રોમાંચ કેવો જુઓ જેને ભાયગમાં આવે છે વાદળ થવા
કોની છત્રી ઉપર, કે કયા ફૂલ પર કે કયા છાપરે એ વરસશે દુઆ
કામ અઘરું છતાં સ્મિત સાથે કરે નાચતી ઝૂમતી ગીત ગાતી હવા
કોઈ ડી.એ. નહીં કોઈ બોનસ નહીં તોય લ્હાણી કરાતી જળધારની
આંખ ઝીણી કરીને જુઓ તો ખરા ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની

ક્યારે આળસ મરડવી સૂતી ખાઈએ ક્યારે પર્વત થવાનું ખીણબાઈએ
હર ભૂકંપે નવું શું સરજવું રહ્યું તેલ ક્યારે થવાનું હશે રાઈએ
છે પળેપળની આખી ગણતરી છતાં, ફાઈલ વચ્ચે લખેલું નથી કાંઈએ
ડાળ કે છોકરી બેઉ સુંદર દીસે એટલું કામ કરવાનું અંગડાઈએ
સ્ટાફ કેવો સરસ છે જુઓ તો ખરા કે ના વાતો કરે એ અધિકારની
આંખ ઝીણી કરીને જુઓ તો ખરા ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની

O મુકેશ જોષી





## O એક લાઈબ્રેરીઅન રિટાયર થાય છે



નવથી પાંચની જિંદગીમાં
કંઈ કેટલાંય પુસ્તકો
કેટલાંક
   જૂનાં
કેટલાંક
   નવાં
ગોઠવ્યાં.
નકામાં હતાં
તે વખારે મોકલ્યાં.

અજાણ્યાઓએ પૂછેલા સવાલો સાંભળ્યા,
એમના જવાબ શોધ્યા,
જડ્યા ત્યારે આનંદ થયો.

આ બધું
રોજે રોજ
નવથી પાંચ.

હવે એ રિટાયર થાય છે ત્યારે
એને યાદ આવે છે :
"અરે, મારા જાણીતા અને માનીતા લોકોએ પૂછેલા
સવાલોના જવાબ
આપવાના
હજી બાકી છે."

એને લાગે છે :
એને કોઈક
વખારે મોકલી રહ્યું છે.

**O પન્ના નાયક**

## O એક તારીખના પીપમાંથી...



નથી રોજ સહી કરવી
જિંદગીના હાજરીપત્રકમાં
નથી ફરજિયાત લસરાવવું એટેન્ડન્સ કાર્ડ હાજરીના મશીનમાં
છો ગેરહાજરી ગણાય કે ગણાય રજા
રોજ મારી જાતને ઢસડીને
એક તારીખના પીપમાંથી કાઢી
બીજી તારીખના પીપમાં નથી નાખવી...

ગયા મહિના કરતાં કાર્યસિદ્ધિના ગુણાંકમાં ક્યાં ક્યાં સુધારો થયો?
અને ગયા વર્ષની સરખામણીમાં?
નથી ગણાવવા મેં કમાયેલા પૉઇન્ટ્સ
બસ, ભેગા કરેલા  પૉઈન્ટ્સને
આકાશમાં ઉછાળી
વેરી નાખવા છે બ્રહ્માંડમાં
આખા ભારત પર જેમ હેલિકૉપ્ટરમાંથી
અસ્થિ વેરી દેવાય છે તેમ
રોજ ગણવેશ પહેરી નથી નીકળવું કૂચ કરવા.

તરવું છે મારે પીઠ ઉપર
આકાશને જોતાં જોતાં,
ને ઉપનદીમાંથી નદીમાં, નદીમાંથી સાગરમાં
સાગરમાંથી મહાસાગરમાં...

ઑરવિલ અને વિલ્બર રાઈટ સાથે ઊડવું છે હવામાં
પૂર્વનિર્ધારિત મંજિલ વગર.

રોજ સાલી આ ખીચોખીચ ભરેલી લોકલ ટ્રેન
ચાબુક મારે છે
આપણને.

**O સંસ્કૃતિરાણી દેસાઈ**





**O ઑફિસ-**



ઑફિસને કાન હોય
પણ તમે તેને કરડી ના શકો
મન તો થઈ આવે ક્યારેક
કે એટલી ઊંચાઈ પર
પહોંચી જાઉં કે
પછી તેને ખભે બેસીને
તેના વાળ ખેંચું,
તેના ગોળમટોળ ગાલ પંપાળીને
એક હળવી થપ્પડ મારું
તેની મૂછોને બંને હાથમાં લઈને
એવી તો ખેંચું કે
તેની આંખથી આંસુ ટપકવાં લાગે
સામે ઊભેલો ચપરાસી
હાથમાં કેમેરા લઈને તક ઝડપી લે
ને રવિવારના
અખબારોમાં તે ફોટો આવે છે

**O ભરત ત્રિવેદી**

**O ત્રણ જણાં**



ત્રણ જણાં, લંચ લીધા પછી ઑફિસે
એલિવેટરમાં પાછાં ફરતાં:
એક યુવક, એક આધેડ સ્ત્રી, એક પુરુષ –
વાળ ભૂખરા આછા પડતા;
યુવક કસી કસીને બૉસની બોલવાની
લઢણનાં વાક્યો ટાંકતો,
સ્ત્રી હસી હસીને એલિવેટરની રેલિંગ પકડી
બેવડ વળતી,
પુરુષ પંખાની શીત હવામાં ફરકતી મૂછ હેઠળ
મરક મરક મીઠાશમાં ટાપસી પૂરતો.
ઉપરીની સૂક્તિઓ, યુક્તિઓ, ચલગતો, હરકતોનાં
નાનકડાં શરબતી નાટકો
ઘનાકાર એલિવેટરના વિમુક્ત વાતાવરણમાં.
અદાકારી ઓપ નીચે ગોપાયેલા સમાદરમાં
રસાયેલા બિરાદર;
તેડીને લઈ જતું
માળ ઉપર માળ ઉપર માળની ફાળ ભરતું
અનવધિ ચાલ્યે જતું સહાસ ઉપર
એલિવેટર.

અચાનક આંચકો... ધારદાર ઘંટી.
ઊતરતી સ્ત્રીની ઘાટીલી ઇચ્છા:
“જઈશું ને ફરી વાર –
ભભરાવ્યો, ભરચક, કકરો ને તાજાતમ,
કેટલો કમાલ હતો એન્જલોનો પિત્ઝા ! ”

**O વિરાફ કાપડિયા**



## O ઑફિસમાં



મેજ સામે Chair છે ઑફિસમાં,
કામના કૈં ઢેર છે ઑફિસમાં!

કામ ને પરિવાર વચ્ચે ખેંચતાણ,
તૂટતા તોંતેર છે ઑફિસમાં!

વાતનું થાતું વતેસર ચપટીમાં,
બસ Rumourનો કેર છે ઑફિસમાં!

કામ કરતાં જોર છે કામણનું આજ,
ના કશુંયે Fair છે ઑફિસમાં!

વાત પણ WhatsAppમાં કરશે બધી,
Net બસ ચોમેર છે ઑફિસમાં!

નામ તો એનાં છે Musterમાં મગર,
હાજરી No where છે ઑફિસમાં!

Bossની પામે બલિહારી 'સુધીર',
એને લીલાલ્હેર છે ઑફિસમાં!

**O સુધીર પટેલ**







## O ઑફિસ–બૅગ

હોય છે બસ કાગળો બે–ચાર ઑફિસ–બૅગમાં ,
તોય લાગે જીવતરનો ભાર ઑફિસ–બૅગમાં .

ફૂલ, પીંછાં, છીપલાં એવું કશુંયે ના મળે,
હોય ચીજો કેટલી ભંગાર ઑફિસ–બૅગમાં !

થાય છે તાકીદઃ સાંજે ઘેર વહેલાં આવજો,
ને પછી લઈ જાઉં છું તકરાર ઑફિસ–બૅગમાં.

હુંય છું મુસ્તાક એના વાર પર ને ધાર પર,
છે કલમરૂપી ખરી તલવાર ઑફિસ–બૅગમાં!

રોજની આ ખેંચતાણોમાંય "જોષી' જીવશું,
પુસ્તકોનો છે ઘણો આધાર ઑફિસ–બૅગમાં.

**O હેમાંગ જોષી**

## o તેઓ



દેખાવે સુઘડ અને ઘાટીલા લાગે તેઓ
પણ જરા સ્પર્શ કરો
તો કોઈ જંગલી વનસ્પતિ જેવા
અંદરની તરફ વળેલા સુંવાળા કાંટા હોય

કાચમહેલમાં
ધુમ્મસના દેહ લઈને હરે-ફરે
હિલિયમથી  ખીચોખીચ ભરેલા
હલકા ફૂલકા ગોળા જાણે-
કોઈ જાદૂઈ સ્વિચ 'ઓન' થાય
તો અચૂક ઝળહળે

કોઈ ફૂલોના ગુચ્છા જેવા
ભરાવદાર અને ભારઝલ્લા
ટોચ પર એકલા જીવવા જન્મેલા
સતત માણસૂડાં હોવાની પ્રતીતિ કરાવતાં ફરે
પોતાને અને  અન્યને

કોન્ફરન્સ હોલમાં કોઈ જાદૂગરની અદાથી
સફેદ પીંછાંને ગુલાબી
અને ગુલાબી પીંછાંને પીળાં બનાવી દેખાડે
ત્યારે પડેલી શિષ્ટ તાળીઓ
સાંજની વ્હિસ્કીના બરફ સાથે મોડે સુધી ઓગળ્યાં કરે

એક A-4 સાઈઝના કાગળ પર
જન્મ પામી ઘેરું ઘેરું ઘૂંટ્યાં કરે
ટેબલ સોંસરું ઉતારે બધું
નીચેના માળે બેસતા આજ્ઞાંકિતો
હોંશે હોંશે ઝીલે
એક હાથ હંમેશાં ઈશ્વરી મુદ્રામાં
તો બીજો હાથ મોટાભાગે લીંપણાં કરતો રહે

આમ જ એક દિવસ
A-4 સાઈઝનો એક હળવો હડદોલો આવે
અને એલિવેટર દ્વારા જેટલી ત્વરાથી
વચ્ચેના માળેથી છેક ઉપરના માળે પહોંચેલા-
એટલી જ ત્વરાથી
સડસડાટ નીચે ઊતરી
ધુમ્મસિયા રાજમાર્ગ પર
ચકચકતી ગાડીઓના ટ્રાફિક જામમાં
ક્યાંક ખોવાઈ જાય

**o યોગેશ વૈદ્ય**



## o કચેરીનો બાંકડો

કોઈએ
સૂકા થડમાંથી બનાવીને મૂકેલો....
કચેરીની ખુલ્લી ઓશરીનો
આ બાંકડો.

અંદરના, બહારના
અસંખ્ય આવેગોથી અભડાયેલો
સાંધાઓની જડબેસલાક વ્યવસ્થામાં
બંધ

પોલાણમાં કૂંપળનો સળવાળાટ
ને ડાળીઓની ધક્કામુક્કી જેવું
ભીતરમાં લીલું લીલું ફરકે
ક્યારેક કશુંક.

બાકી તો, તડકો-છાંયો, ટાઢ-તપારો, લીલી-સૂકી
-સંકેલી લીધું છે બધું.

ભૂગર્ભની પ્રચંડ ગતિવિધિ ઝીલતું
ઠંડુંગાર સીસ્મિક યંત્ર
એક નિશ્ચિત વિસ્ફોટને
દબાવીને રાખ્યો છે પોતામાં.

શ્રદ્ધા-અશ્રદ્ધાની ઘનીભૂત તાણમાં
તૂટવાની અણી પર આવી ને અટક્યો
ઉન્મુખ, અબોલ એકાકી દ્વીપ-
આ બાંકડો.

**o યોગેશ વૈદ્ય**

## O કામની વાત એક જ !



એ કામની શોધમાં નીકળ્યો છે
એની પાસે કલ્લાકો છે આઠ, દસ કે બાર
બે હાથ, બે પગ, એક જીભ, બે કાન ને બે
આંખ
એ શીખી ગયો છે
કોઈ પણ શેઠને સાંભળવા ગમે એવા શબ્દો
કોઈ પણ શેઠને કહેવી ગમે એવી વાતો સાંભળવાને
એણે કેળવ્યા છે પોતાના કાન
બે હાથે ને બે પગે
કોઈ પણ ગણિતના પ્રમેય જાણ્યા વિના
એ આંકી શકે છે કોઈ પણ શેઠની ઇચ્છાઓનો પરિઘ
કામમાં મજા પડે છે? કોઈ તકલીફ ખરી? – જેવા
વાહિયાત પ્રશ્નો માટે એને સ્કોપ નથી રહેવા દીધો
એને આવડે ગણતાં કલ્લાકો ને
કલ્લાકના હિસાબે મજૂરી.

એ કામની શોધમાં નીકળ્યો છે
જોકે એ જાણે છે:
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ જેવી
ફિકર કર્યા વિના – એ ભરશે એટલાં ડગમાં
કોઈ પણ કામ જડી આવશે
આખરે, એ એક જ વાતને સમજ્યો છે
બે હાથ, બે પગ, બે આંખ, એક જીભ ને બે કાન વડે
ભૂખના ઊંડાણને ને
મનના પેટાળને
સમજી લેવાનું હોય છે.

O પીયૂષ ઠક્કર







## O ઑફિસ-સૂત્ર

આવી ગયું છાપું હવે વ્હાલી! જરા ચા મૂકજે
’ને ટોસ્ટની વચ્ચે મધુરા બેક કિસ્સા મૂકજે

ભરપેટ તારાં ગૌરવર્ણાં ખંજનો પીધાં પછી
તું સ્મિત લૈ આવી ફરી તો હુંય કહું ‘હા, મૂકજે’

ભરજે ટિફિનમાં મીઠડી તાજી હવાનાં ચોસલાં
થોડુંક તીખું ચાલશે થોડાક તડકા મૂકજે

પાછળ ફરું જ્યાં ગેટ પર અથડાઇ ત્યાં મીઠી નજર
જાણે કહી રહી હો સમયને ક્યાંક સરવા મૂકજે

ચુપચાપ નીરખે ડેસ્ક પરથી ફ્રેમમાંની આંખ બે
’ને યાદ આવ્યું વાક્ય એ- ‘સ્મરણોને સરખાં મૂકજે’

સાંજે પરત આવું અને ખૂલે ખુશીનાં બારણાં
તારી નજરને એ પછી મારી નજરમાં મૂકજે

સઘળું મધુરું હોય તો કંટાળશે આ મન પછી
આખા દિવસમાં એક-બે ઝઘડાય હળવા મૂકજે

હા, સાંજના ભોજનમાં તારો સાથ ખૂબ જ ભાવશે
આખા દિવસનો થાક ઓશીકે પીગળવા મૂકજે

O ડૉ.નીરજ મહેતા

## O ત્રણ ઑફિસકાવ્યો



### એક

જોઈ નથી શકાતું
સાંભળી નથી શકાતું
ક્લાર્કનું ઑફિસે રોજ રોજ મોડું આવવું
ને પાછું લહેરથી મને 'ગુડ મોર્નિંગ સર !' કહેવું
પાઠમાળાનો પહેલો પાઠ ભણાવવા
વળતું 'ગુડ મોર્નિંગ' કહેવાનું ટાળ્યું
તો અંદર ચેમ્બરમાં ધૂસીને હસ્તધૂનન કરવા.....
પણ
મૂંગો તો મૂંગો, હું મૂળ તો એનો ઑફિસર ને !
સાંભળ્યું જ નથી એવું કરીને
નીચી મૂંડીએ લખવાનું ચાલુ રાખું
એણેય ચાલુ રાખ્યું મોડા આવવાનું
ચેમ્બરના કાચમાંથી
ચશ્માં ને નેણ વચ્ચેથી ગમે તે સમયે
જરા મોડેથી એને જોઉં ત્યારે
એય મને જોતો જ હોય
ને કહેતો હોય 'ગુડ મોર્નિંગ સર' !
આજે બહુ થાકેલા દેખાઓ છો ખરેખર !
રિસેસ પછી તરત જ
કોઈ સાચીખોટી સાદડીમાં પહોંચવા ઉતાવળિયો એ
'વહેલો જઈ શકું સાહેબ?' પૂછવાને બદલે
'ગુડ બાય સર !' કહે છે ત્યારે
અને ત્યાર બાદ પણ
મને તેની ખુરશીમાં
એ બેસેલો જ દેખાય છે
એવું દેખાવું ખોટું કે સાચું ?
ખરાબ કે સારું ?
આ સવાલ સામે જાતને હા કહું કે ના ?
એના ગયા પછી અચાનક બહારથી એનું કોઈ અતિ પ્રભાવિત સગું
અગાઉ બે વાર નિષ્ફળ ફેરે આવેલ એમ જ
મુલાકાતી થઈને આવે છે
એનાં સાફ ટેબલ ને ખાલી ખુરશી સામે આંગળી કરીને
પૂછે છે : 'સાહેબ રજા પર છે ?'
ત્યારે હું એને એના ક્યા સંદર્ભે
હા કે ના પાડું ?



### બે

તમારા ભાઈ બહુ મોટી કંપનીમાં કામ કરે છે
જોકે , ઑફિસને તો
સિમેન્ટની ચાર દીવાલ કેવી ને વાત કેવી !
એક કોન્ટ્રાક્ટ પૂરો થાય એટલે
ઉચાળા ભરીને બીજે
જ્યાં ત્યાં
તંબૂમાં કે પતરાંના શેડમાં
લાકડાનાં પૅકીંગબૉક્સ પર બેસીને
સતત ટક ટકાટક કર્યે રાખવાનું
ને હમણાં તો
પેલું લૅપટોપ આવ્યું છે ને ?
એ હોય ત્યાં વળી
ટેબલ બેબલેય શેનાં હોય ?
એમને ક્યારેક
દયામણા ચહેરે કહું તો એ ચિંતા વગર બોલે :
મારે તો કામથી કામ
ને તારે નિસબત મારા પગાર હારે
આપણા ઘરને તો ચાર દીવાલ છે ને ?



↻

### ત્રણ

એમના માટે ફોન રણક્યો
પૂજામાં બેઠાં બેઠાં
એમનો ઈશારાપૂર્ણ આદેશ થયો
કહી દે
કે
ઑફિસ જવા નીકળી ગયા છે
કહેવાઈ પણ ગયું
ગણપતિ, શંકર-પારવતી, ગાયત્રી દેવી
છબી પર છબીને કંકુચાલ્લાં કરતાં કરતાં
સત્યનારાયણની છબીનેય
આંગળી અડી ન અડી
ચડી અસહ્ય ઉધરસ
રોજ છબી પાસે ઝૂકતું મસ્તક
લળી પડ્યું
આગળને  બદલે બાજુમાં
ને પછી પાછળ
ઢળ્યું ખુલ્લી ફર્શ પર
છતને તાકતી જણાતી આંખો
આંખ જોઈને રડતી આંખો
શ્વાસની અછત પર

**O જિતુ ત્રિવેદી**





### O એક ગઝલ

લિફ્ટ વગરના ઢાળે કોઈની ઑફિસ છે
દાદરના સરવાળે     કોઈની ઑફિસ છે

શ્વાસ ઉપર રંધાની અણઘડ છોલંછોલ
ગાઉ-ગાઉના ગાળે કોઈની ઑફિસ છે

વાત નીતિની એક કામઢા માણસની
નવ્વાણું જણ ટાળે , કોઈની ઑફિસ છે

મન કે'શે ખંખેર , તરત ખંખેરાશે
એવી પહેરણ-ચાળે કોઈની ઑફિસ છે

હંસ-કમળ જે લખાવે તે-તે લખવાનું
શાંત સરોવર પાળે કોઈની ઑફિસ છે

**O જિતુ ત્રિવેદી**

## O ઑફિસ



૧.
ફાઈલોમાં કાગળ શોધતી
આંખોને
જોવા જ ન મળ્યું
દીકરી
ક્યારે મોટી થઈ ગઈ.

૨.
ઑફિસના નીતિ-નિયમ
તો
હાથીના દાંત છે
લખાયેલા પણ જુદા
અને
આચરવાના પણ જુદા.

૩.
પરિવારના સુખ માટે
હોય છે જરૂરી ઑફિસે જવું
એ સત્ય પરિવારને
સમજાવતાં સમજાવતાં
નિવૃત્તિની પળ આવી ગઈ.

૪.
કાચી પડેલી પેઢીની જેમ જ
સંકેલવા પડ્યા છે
કેટકેટલા સામાજિક સંબંધો
તો
કેટલાં સપનાંઓને ખુદ મારે જ
તોડવાં પડ્યાં છે.

૫.
છાશવારે
ઘરે મોડા આવવા બદલ
રિસાયેલ શ્રીમતીને મનાવવામાં
થયો છે સત્યાનાશ
કેટલી સોનેરી સાંજોનો !

O ‘સાહિલ’

## O ઈન્તજાર

થોડો હકાર જેવો  થોડો નકાર જેવો
અવતાર થઈ ગયો છે તદ્દન તુમાર જેવો
કાગળમાં દસ્તખતની જોવા મહોર ‘સાહિલ’
માણસને મેં નિહાળ્યો છે ઈન્તજાર જેવો

O ‘સાહિલ’



## O બે ઑફિસ કાવ્યો



૧.

સદીઓથી
હું
કોઈ સરકારી કચેરીના તુમારમાં અટવાયેલ
કાગળની માફક
અસંખ્ય
Remarks , Endorsements અને
Enclosers નો
ભાર વહન કરતો રહ્યો છું...

૨.
ઑફિસ,
પરિવાર,
અને સમાજની વચ્ચેનું
સંતુલન  જાળવતાં જાળવતાં
હું
ત્રિશંકુ બની ગયો છું...

O શશિકાંત ભટ્ટ ’શૈશવ’

## O મેદાનમાંથી પાણી ઉલેચતો માણસ

ત્રણ હજાર માણસ આરામથી સમાઈ શકે
એવા વિશાળ મેદાનની એક તરફ
વર્તુળાકાર રીતે બંધાયેલું
શાળાનું મકાન અને
બીજી તરફ થોડે થોડે અંતરે
એક મોટો દરવાજો અને
બીજો નાનો દરવાજો.
ચોમાસાની તો ક્યાં વાત કરું
પણ આ ભરશિયાળે
જે માવઠું પડ્યું તેમાં
મેદાન પાણીપોચું થઈ ગયું.
મેદાનની જમીન ઊબડખાબડ હોય
અને ન હોય તો
શાળાના વિદ્યાર્થીઓના પગ નીચે રગદોળાઈને
તે થઈ જ જાય.
માવઠું થયું
તેમાં મેદાનની એક તરફ
પાણી શોષાઈ ગયેલું
ને બીજી તરફ
બે મોટાં ખાબોચિયાં ભરાયાં.
આડ દિવસ હોત તો
કંઈ વાંધો ન હતો
પણ બીજે દિવસે રમતોત્સવ હોવાથી
આદેશ છૂટ્યો હશે કે
એક માણસને
આ પાણી ઉલેચવા માટે
મોકલવામાં આવે.
સવારે લગભગ આઠેક વાગ્યે
વર્ગમાં ભણાવતાં
મારી નજર પડેલી.
એ માણસે
વાઈપરથી પાણી બીજી તરફ ખસેડવાનો
પ્રયત્ન કર્યો અને
થોડીવાર પછી એક ડોલ ને ડબલું લઈ
ઉભડક બેસી
પાણી ઉલેચવાનું શરૂ કર્યું.
હું કંઈ આખો દિવસ
આ જોવા ઊભી ન હતી
પણ વચ્ચે વચ્ચે
જેમકે રિસેસ હોય ત્યારે
કે પછી



આમ જ નજર પડે ત્યારે
હું એને જોતી હતી
તો તે શાંતિથી અને ધીરજથી
પાણી ઉલેચતો દેખાય
અને ડોલ ભરાય
તો બીજી બાજુ ઊગેલા છોડમાં
પાણી નાખતો જણાય.
દિવસ પસાર થતો હતો
અને અમારે શાળા છૂટ્યા બાદ પણ
રમતોત્સવની તૈયારી માટે
રોકાવાનું હતું
બે વાગ્યા બાદ
ગરમાગરમ ઉપમા અને ચા મળી
તે બબડતાં બબડતાં
અમે પેટમાં પધરાવી
અને કામે લાગ્યાં.
ફરી ક્યારેક મજાક-મસ્તી
કે ક્યારેક એકબીજાંની ટીકા કરતાં કરતાં
કામ કરવાં લાગ્યાં.
પાંચ વાગ્યે છૂટવાનો સમય થયો
કે ભાગ્યાં.
તે સમયે
અમસ્તી જ
મારી નજર મેદાનમાં ગઈ
તો પેલો માણસ
હજીય શાંતિથી
પેલા નાનકડા ડબલાથી
ડોલમાં પાણી રેડતો હતો
તે તરફ ગઈ.
ખાબોચિયાં ધીરે ધીરે
સુકાઈ રહ્યાં હતાં
અને હવે
બહુ થોડું પાણી
ઉલેચવાનું બાકી હતું.
મારી નજર
તે તરફ થોડીવાર સ્થિર થઈ
ને મારી ચાલ
થોડી ધીમી પડી ગઈ.

**O ઇંદુ જોશી**

## O પગલાં

રોજ એ મેદાન પસાર કરવાનું થાય.
શાળામાં પ્રવેશતાં પહેલાં
મુખ્ય દરવાજેથી પ્રવેશો તો
પહેલાં ધૂળિયું મેદાન.
એક હાથે પર્સ ખોલી કાંડા ઘડિયાળ
પહેરતાં પહેરતાં, મેદાન પસાર કરતાં,
ધૂળમાં ઊઠેલા પગલાંની છાપ,
ક્યારેક નાની, મધ્યમ, મોટી,
એકબીજામાં સેળભેળ તો ક્યારેક
સાવ અલગ
જોતી હોઉં.
ચોમાસામાં આખા મેદાનમાં
જ્યારે કાદવ ન હોય,
પણ સહેજ ભીનાશ હોય
ત્યારે
સાવ સપાટ જમીનને
જુદા જુદા આકારવાળી બનાવતાં
આ પગલાં જ લઈ જાય મને
ઑફિસના મસ્ટરમાં
સહી કરાવવા.

**O ઇંદુ જોશી**







## O ઑફિસ એક વીજળીનો વાયર

ઑફિસનું નામ હવે ઑફિસ ન રાખીએ – ઑફિસ તો વીજળીનો વાયર
ફોર્મ્યુલા એ જ છે કે “BOSS એક સાચો ને આપણે બસ ધ્રૂજવાનું થર-થર”

ફર્સ્ટ ક્લાસ કેબિન છે, લેપટોપ, ઈન્ટરનેટ ઉપરથી A.C.ની ટાઢક
ચોમાસે મનડું આ એવું મૂંઝાય સાલ્લી ક્યાંયથીયે આવે નહિ વાછંટ
ગમતો એક કાગળિયો સુધ્ધાં ના હોય જાણે ટેબલ પર બેઠી હો પાનખર
ઑફિસનું નામ હવે ઑફિસ ન રાખીએ – ઑફિસ તો વીજળીનો વાયર

ફાઇલોનાં ફૂલ બધાં જંગલનાં ફૂલ સમાં – ઊઘડે પણ ખુશ્બૂ ના હોય
ગમ્મે ત્યાં સ્પર્શીએ પણ દુખાવો થાય જાણે ટેરવા પર ગૂમડું ના હોય
સાતસો ને ચોર્યાશી એકરમાં ઑફિસ પણ લાગણીનો ક્યાંય નહીં ટાવર
ઑફિસનું નામ હવે ઑફિસ ન રાખીએ – ઑફિસ તો વીજળીનો વાયર

**O જિગર જોષી ‘પ્રેમ’**

## O कुछ कविताएं





### नज़्म - थकन

रोज़ जाता हूं अपने दफतर मैं
सच तो ये है कि जाना पडता है
ज़िंदगी एक खर्च है यारों
जिसकी खातिर कमाना पडता है

रंग गहरा नहीं है फाइलों में
कोई चहरा नहीं है फाइलों में
सबको चलना है, चलते जाना है
कोई ठहरा नहीं है फाइलों में

दिन में बीवी का काम पर जाना
रात को मेरी नौकरी अक्सर
अपने बच्चों की आँखों में देखी
हमने किश्तों की ज़िंदगी अक्सर

आओ ख्वाबों की बात करते हैं
ख्वाब जो सिर्फ इक बहाना है
आओ कुछ देर मूंद लें पल्कें
कल को सूरज भी तो उठाना है

कितनी मुश्किल से दिन गुज़ारा है
कितनी मुश्किल से रात पाई है !



### त्रिपदी

फिर से वोही रोज़ का किस्सा
दफ्तर से घर आते आते
परछाई को भूल आया हूं !

### त्रिवेणी

आज बरसों के ग़म निकलते हैं
इस्तिफा दे के हम निकलते हैं

आज आदम की याद आई है !

### हाइकु

तुमसे खुदा
काम नहीं हो पाता
VRS ले लो !

**O मिलिन्द गढवी**

## ૦ પાંચ ઑફિસ હઝલ





૧.

ખોટ તો કેવળ હિંડોળા-ખાટની છે
નામની ઑફિસ નર્યા આરામની છે

સાઇડમાં આ નોકરી સરકારી એક જ
મેઇન તો પચ્ચીસ લારી શાકની છે

એક દી હું બે મિનિટ બેઠો તો લાગ્યું
બૉસની ખુરશી તો મારા માપની છે

કેમ કે ખુદ યુનિયનને સોંપી છે એને
કામગીરી બૉસના અભ્યાસની છે

જ્યાં દિવસભર કાગડા ઊડ્યા કરે છે
એ જ ઑફિસ મહેફિલોની રાતની છે

કોણ જાણે કઈ હવા કોણે ભરી છે
સ્ટાફ આખાને જરૂરત દાબની છે

૨.

મૅડમ ને  એનો શ્વાન આવે એટલે ઑફિસ બંધ
હસબન્ડ છું એ જ્ઞાન આવે એટલે  ઑફિસ બંધ

સાહેબનું સગ્ગું બધુંયે સ્ટાફનું સગ્ગું જ ને !
મોકાણ આવે જાન આવે એટલે ઑફિસ બંધ

સાહેબને મીઠાસ મતલબ જોઈએ મીઠાસ બસ
સ્હેજેય કડવું પાન આવે એટલે  ઑફિસ બંધ

તૈયાર થઈને ફાઇલ તો છે ક્યારની ટેબલ ઉપર
ટેબલ નીચે શયતાન આવે એટલે  ઑફિસ બંધ

જાવું પડે નહિ ઓફિસે કંઈ એટલો પૈસો મળ્યો
બસ જેલનું ફરમાન આવે એટલે  ઑફિસ બંધ

૩.

બેઠાં બેઠાં ઑફિસમાં શું કરવાનું ?
ટેબલ માથે ઊંધું માથું કરવાનું

ડ્રોઅરમાંથી કંઈ જ ન લેવું હોય છતાં
બૉસ જુએ તો કાઢું-નાખું કરવાનું

બાકી તો કંઈ કરવા જેવું હોય જ ક્યાં
થઈ ચૂકેલું આઘુંપાછું કરવાનું

ઑફિસમાં કે' શે : ઍલર્જી ધૂળની છે
ઘરમાં જખ મારીને ઝાડુ કરવાનું

ઑફિસમાં વહેલાં પહોંચીને શું છે કામ
ઘરે જવામાં મોડું શાનું કરવાનું !

કામ સોંપતાં કોઈ વિચારે બસ્સો વાર
કામને એવું કાચું-પાકું કરવાનું



૪.

ઘઉં-ચણા જેવું કશું ક્યાં ઘંટલે દળવું પડે !
ઑફિસે જઈએ તો થોડું કામ તો કરવું પડે !

બૉસ દોથા લોટમાંથી ચપટી દેતો હોય તો
બૉસની બે ગાળ સાથે થૂંકને ગળવું પડે!

મારવી જો હોય ગુટલી તો જીભે આવે જે નામ
એ સગાએ મોત પહેલાં પણ કદી મરવું પડે !

જાંચ ને પડતાલ એવી ચીજ છે સાહેબજી
આપને પણ વટ મૂકીને કેડથી લળવું પડે !

સ્ટાફના નાના ખરચ પર ખૂબ છણકાઓ કર્યા
ઑડિટરનું બિલ તો જોકે બાપ કહી ભરવું પડે !





૫.

ઑફિસ ઑફિસ રમીએ ચાલો
માવો ખાતાં પહેલાં ચા લો !

ત્યાં કોઈ વાત કરાવે વ્હાલો
અહીંયાં કામ કરે છે કાલો

જોરથી કે'શે: આવો સાહેબ
મનમાં મનમાં કહેશે : સાલો !

ઑફિસમાં કો' ઢોર હરાયું
ઢીંક લગાવી ખાય છે પાલો

બૉસે પૂછ્યું : ખોટું કરશું ?
બધાય બોલ્યા : હાલો, હાલો !

**O જિતુ ત્રિવેદી**

### O પગાર-શૂરા (હળવું ઓફીસગીત)





અમે તો પગાર-શૂરા !
દર પહેલીએ અમે જણાતા વિશ્વવિજેતા પૂરેપૂરા.......

ચોથી...છઠ્ઠી માંડ આવે ને પગાર પીગળે...બિલ ચૂકવતા..દિલ રીઝવતા
પિન્કીને સાઈકલ, ડ્રેસ બબૂને..મીસીસ તો સેન્ટે મઘમઘતા..દામ ધગધગતા
બાર વરસનાં સાત ખોટનાં સિતાર-ખરીદી કેરાં ઓરતાં ચૂરેચૂરાં

પગાર છે ઓછો-આછો? ઓ.કે. ઉપરની આવક મબલખ હો !
ઈંડાં દઈ દે...છીંડાં દઈ દે તું...કટકીબટકી...પાનસોપારીઃ આશા સખની હો !
'ખાવ અને ખાવા દો' આજે 'પાવ અને પાવા દો'...કાલે દિવસો હો બૂરા !

બેઝિક-ટી.એ.-ડી.એ.-મેડિકલ-અનાજ પેશગી-ધિરાણ-બોનસ...બસ, બસ....
ગરીબગુરબાં-દલિત-પીડિતો-વિધવાઓ માટે રહેશે કે થોડોકે રસકસ ?!
પૂરે પગારે નિવૃત્તિના ઘૂંટડેઘૂંટડા પીએ તો પણ સદા અધૂરા .... !!

**O બકુલેશ દેસાઈ**

### O ઑફિસ



ત્યાં પ્રશ્ન થશે હલ, તમે સાહેબને મળો.
સમજો જરા સિગ્નલ, તમે સાહેબને મળો.

જલદી કરો, નહિતર પછી વ્યવહારનું સતત
ઊંચું જશે લેવલ, તમે સાહેબને મળો.

બેસે ન બેસે, પેન પણ ખોલે નહીં કદાચ
હમણાં થશે ઓઝલ, તમે સાહેબને મળો.

છો ઠીંગણા, પણ કદ તમારું ખૂબ ઊંચું છે
આવ્યો, થઈ હાકલ, તમે સાહેબને મળો.

પાડા ઉપર પાણી સમી હડતાલ, મોરચા
છોડી બધી ધમાલ, તમે સાહેબને મળો.

બાજુ ખસો, વહીવટના સૂત્રધાર પધાર્યા
'ખાદી' અને 'ચંબલ', તમે સાહેબને મળો.



**O વંચિત કુકમાવાલા**

## O Proximity

**Randall Mann**



Out of the fog comes a little white bus.
It ferries us south to the technical mouth
of the bay. This is biopharma, Double Helix Way.

In the gleaming canteen, mugs have been
dutifully stacked for our dismantling,
a form of punishment.

Executives take the same elevator as I.
This one's chatty, that one's gravely engrossed
in his cloud. Proximity measures shame.

I manage in an office, but an office
that faces a hallway, not the bay. One day
I hope to see the bay that way. It all began

in the open, a cubicle—there's movement.
My door is always open, even when I shut it.
I sit seven boxes below the CEO

on the org chart. It's an art, the *value-add*,
the compound noun. *Calendar* is a verb.
*To your point*, the kindest prepositional phrase.

Leafy trees grow a short walk from Building 5.
Take a walk. It might be nice to lie and watch the smoky
marrow rise and fall, and rise. Don't shut your eyes.



## O નિકટતા



નાનકડી સફેદ બસ ધુમ્મસમાંથી બહાર આવી
અમને દક્ષિણે ખાડીના યાંત્રિક મુખ સુધી પહોંચાડે
ડબલ હેલિક્ષ વે –
દવા બનાવતી કંપની છે આ.

ચકચકિત કેન્ટિનમાં
શિસ્તબદ્ધ  ગોઠવાયેલા પ્યાલા (તોડી પાડવા માટે)
શિક્ષાનું  એક રૂપ

અમારા અધિકારીઓ પણ એ જ લિફ્ટનો ઉપયોગ કરે છે જે હું
-આ એક ડિંગ છે ,
કબર પરનું લખાણ બની ગયેલી  વાદળ પર
(બાકી) આ નિકટતા તો ક્ષોભપ્રેરક.

હું બેસું છું એક ઑફિસમાં
પણ એ ઑફિસ પરસાળ તરફ ખૂલતી
ખાડી તરફની નહીં
મને આશા છે એક દિવસ હું એ ખાડી તરફની ઑફિસમાં જઈશ.
આ બધું ખૂલામાં જ શરૂ થયેલું –
એક ખુલ્લી બેઠક વ્યવસ્થામાં
ત્યાંથી આગળ વધ્યું
મારું દ્વાર હમેશાં ખુલ્લું રહે
મેં વાસી દીધું હોય ત્યારે પણ !

અમારી સંસ્થાના કોઠામાં
હું અમારા સી.ઈ.ઓ.થી સાત ચોકઠાં નીચે બેસું છું
એક કળા – મૂલ્યવૃદ્ધિ કરેલ
સંયોજિત નામ છે તે.
તારીખિયું એક ક્રિયાપદ છે
તમારી દૃષ્ટિએ
ઉદાર નામયોગી અવ્યયવાળો શબ્દસમૂહ

બિલ્ડિંગ નંબર પાંચથી પગપાળા પહોંચાય તેટલે જ દૂર
ઘેઘૂર વૃક્ષો ઊગ્યાં છે.
ત્યાં ચાલીને જા.
સારું લાગશે તને, જરા આડો પડ
અને રાખ થઈ જઈને ઊડતી હાડકાં વચ્ચેની મજ્જાને
ઊઠતી,પડતી અને ફરી ઊઠતી જોયા કર.
આંખો બંધ ના કરીશ.

**O રૅન્ડલ મન** **અનુવાદ : યોગેશ વૈદ્ય**

## O The Unknown Citizen W. H. Auden



*(To JS/07 M 378*
*This Marble Monument Is Erected by the State)*

He was found by the Bureau of Statistics to be
One against whom there was no official complaint,
And all the reports on his conduct agree
That, in the modern sense of an old-fashioned word, he was a
saint,
For in everything he did he served the Greater Community.
Except for the War till the day he retired
He worked in a factory and never got fired,
But satisfied his employers, Fudge Motors Inc.
Yet he wasn't a scab or odd in his views,
For his Union reports that he paid his dues,
(Our report on his Union shows it was sound)
And our Social Psychology workers found
That he was popular with his mates and liked a drink.
The Press are convinced that he bought a paper every day
And that his reactions to advertisements were normal in every way.
Policies taken out in his name prove that he was fully insured,
And his Health-card shows he was once in hospital but left it cured.
Both Producers Research and High-Grade Living declare
He was fully sensible to the advantages of the Instalment Plan
And had everything necessary to the Modern Man,
A phonograph, a radio, a car and a frigidaire.
Our researchers into Public Opinion are content
That he held the proper opinions for the time of year;
When there was peace, he was for peace: when there was war, he went.
He was married and added five children to the population,
Which our Eugenist says was the right number for a parent of his
generation.
And our teachers report that he never interfered with their
education.
Was he free? Was he happy? The question is absurd:
Had anything been wrong, we should certainly have heard.



## O અજાણ્યા નાગરિકના પૂતળા નીચેનું સરકારી લખાણ



*( પ્રતિ જ.સ./07 મ 378*
*આ આરસનું પૂતળું સરકાર દ્વારા ઊભું થયેલ છે.)*
વસ્તી ગણતરી ખાતા દ્વારા
તેને એક એવી વ્યક્તિ તરીકે શોધી કાઢ્યો છે કે
જેની સામે
કોઈપણ સત્તાવાર ફરિયાદ નથી
અને તેના પરના બધા જ  તપાસ અહેવાલો
એક બાબત પર સહમત છે કે-
જૂનવાણી શબ્દોને આધુનિકતાપૂર્વક કહેતા
તે એક સંત હતો.

તેણે જે બધું કર્યું
તેણે એક મહાન કોમની સેવા માટે કર્યું
સિવાય કે યુદ્ધના દિવસોમાં
જ્યાં સુધીમાં તે નિવૃત્ત થઈ ગયેલો.
તે એક કારખાનામાં કામ કરતો હતો
અને તેને ક્યારેય પણ ઠપકો ન્હોતો મળ્યો.
પણ તેણે નોકરીદાતા મારુતિ મોટર્સને
સંતોષ આપ્યો હતો.
તે જરા પણ બદમાશ કે આડોડ વિચારધારાનો ન્હોતો.
તેના કર્મચારી સંઘના અહેવાલ પ્રમાણે
તેણે તેનાં બધાં જ લેણાં ચૂકતે કરી દીધેલાં.
(અમારો અહેવાલ દર્શાવે છે કે કર્મચારી સંઘ સદ્ધર હતો)

અને અમારા સમાજવિજ્ઞાનીઓ પ્રમાણે
તે તેના સહકર્મચારીઓમાં લોકપ્રિય હતો
અને તેને દારૂ પીવો ગમતો.

પત્રકારો સ્વીકારે છે કે
તે દરરોજ છાપું ખરીદતો
અને તેમાં છપાતી જાહેરાતો પરની તેની પ્રતિક્રિયા
દરેક રીતે સામાન્ય રહેતી.

તેના નામ પર લેવાયેલ
વીમા પોલિસીઓ સાબિત કરે છે કે -
તે સંપૂર્ણ રક્ષિત હતો.
અને તેનો સ્વાસ્થ્ય અહેવાલ જણાવે છે કે –
તે એક વખત દવાખાનામાં દાખલ થયેલો
પણ સાજો થઈને બહાર આવેલો.
ઉત્પાદ સંશોધકો અને ઉચ્ચ જીવનધોરણવાળા
જાહેર કરે છે કે-
હપ્તે ખરીદી બાબતે
તે સંપૂર્ણ સંવેદનશીલ હતો.
અને એક આધુનિક માણસની જરૂરિયાતનું
બધું જ તેની પાસે હતું.
એક થાળીવાજું, એક રેડિયો અને એક ફ્રીઝ

અમારું જનમત પરનું સંશોધન સંતુષ્ટ છે કે-
તેનો તેના દેશ-કાળ બાબતે યોગ્ય મત હતો.
જ્યાં શાંતિ હતી ત્યાં તે શાંતિ માટે હતો
જ્યારે યુદ્ધ આવ્યું, તે ચાલ્યો ગયો.

તે પરિણીત હતો અને
તેણે પાંચ બાળકો જનવસ્તીમાં ઉમેરેલાં
જે અમારા નાગરિકશાસ્ત્રીઓ પ્રમાણે
જે-તે પેઢીનાં મા-બાપ માટે યોગ્ય સંખ્યા હતી.

અને અમારા શિક્ષકો અહેવાલ આપે છે કે -
તે તેનાં બાળકોના શિક્ષણમાં ક્યારેય હસ્તક્ષેપ કરતો ન્હોતો.

તે સ્વતંત્ર હતો ? તે સુખી હતો ? આ પ્રશ્નો વાહિયાત છે.
જો તેની સાથે કંઈ પણ ખોટું થયું હોત
તો તેને જરૂર સાંભળવામાં આવ્યો હોત.

**O મૂળ: ડબ્લ્યુ. એચ. ઓડન        અનુવાદ: યોગેશ વૈદ્ય**



## O The Telephonist

**Susan Yuzna**

**for David Foster**



I had my order. Not of the choirs
of angels, but of the countries we called

in the stone dead heart of the night. Japan
was a young woman's voice, *a cool river*

*through a thirsty land*, sliding over my bone-
tired body like an icy, blue-green

wave. Australia was next--their perpetual
joking could keep me awake. I even

made history once: for eight years, a man
had been calling his brother in the bush.

He loved me, loved my voice, my flipping of
the switches in Oakland, California,

so that, at last, it worked. But usually
I was just too tired to care. My first

graveyard shift and I was much too tired
to give a shit when the businessmen yelled

about lines down in Manila again,
as if I could stop those typhoons, as if

I could make the old crones in Manila
love us, which they didn't, or be somewhat

helpful, which they weren't. *Why don't you try
again in two weeks?* I would say (the stock

response, a polite voice, then flip the switch,
cut him off, quick, before his swearing

poisons my ear). Too tired to care
about anything, not their business dealing,

## O ટેલિફોન સ્વિચબૉર્ડ પર રાતપાળી

**(મૂળ: સુઝાન યુઝના; અનુવાદ: વિરાફ કાપડિયા)**



મારો પણ એક ક્રમ હતો. દેવદૂતોની પાયરીઓનો
નહીં, પણ રાત્રિના પથ્થર જેવા જડ અંતરતમમાં

જે દેશો સાથે અમે ફોન જોડતા'તા તેનો. જાપાન
એટલે કોઈ તરુણીની સ્વરરણક, તરસી જમીનની

આરપાર શીતળ નદી, હાડેહાડ થાકેલા મારા શરીર
ઉપરથી ઠંડી ભૂરીલીલી લહેરની જેમ સરી જતી.

એના પછી આવે ઓસ્ટ્રેલિયા — એમની સતત ચાલતી
રમૂજ મને રાતભર જાગતી રાખી શકતી. એક વાર

તો મેં ઇતિહાસ રચેલો: એક જણ એના જંગલનિવાસી
ભાઈને આઠ વરસ સુધી ફોન જોડતો જ રહ્યો'તો.

હું એને ગમી ગયેલી, મારું ગળું એને ગમી ગયેલું, ને મારું
સ્વિચોને આમતેમ ફેરવવાનું ઓકલેન્ડ કેલિફોર્નિયામાં;

તે આખરે, સફળતા મળી, ફોન લાગ્યો. પણ સામાન્ય રીતે
હું એટલી થાકી જતી કે કશામાં રસ પડતો નહીં. મારી પહેલી

રાતપાળી ને હું હતી એટલી ભાંગેલી કે પેલો બિઝનેસમેન
મનિલામાં ફરીથી તૂટી ગયેલી લાઇન વિશે બરાડ્યો

ત્યારે મેં દરકાર જ કરી નહીં; શું હું પેલા વંટોળ રોકી
શકવાની હતી ? પેલી મનિલાની ડોસીઓ પાસે આપણી પર

લાગણી રખાવી શકવાની હતી ? (જે તેઓ રાખતી જ નહીં.)
કે મદદ અપાવી શકવાની હતી ? (જે તેઓ આપતી જ નહીં.)

તમે બે અઠવાડિયા પછી ફોન જોડવાની ફરીથી કોશિશ
કરોને, હું કહેતી (મારો ચાલુ જવાબ, વિનયનો સ્વર,

પછી સ્વિચ ફેરવી નાખવાની, એને કાપી નાખવાનો, તરત જ,
એના શબ્દોનું ઝેર મારા કાનમાં ઠલવાય તે પહેલાં જ.)

હું એટલી બધી થાકી જતી કે કશાયની પરવા મને
રહેતી જ નહીં, નહીં એમના વેપારધંધાની લેવડદેવડની,

not the drunken nostalgia for a whore
known during the war--he can't remember

her name, or the place where she worked,
the street it was on, but could I help him find her?

He's never forgotten . . . I grew so tired
of phones ringing for eight hours straight.

I wanted to pull my hair out, one thin
strand at a time. It was a newly

invented circle of hell, and if you
had been there, you just might understand

why that infamous *hippie girl* rose up,
out of her chair, yanked the earphones off, and
climbed

onto a counter running the length of the room
beneath our long, black switchboard, then,crawling

from station to station, pulled each cord
from its black tunnel, breaking one connection

after another, like a series of
*coitus interruptus* all down the board,

before they stopped her, and led her away.
*She must be on LSD*, said a wife

from the Alameda military base. *And she wears*
*no underwear, either*, added another.

That was 1970, back when Oakland
Overseas was still manual, but the hatred

of a ringing phone is with me yet.
I will stand at the center of a room

and watch the damn thing ring its little head off,
and I will grin, quite stupidly, at its

કે નહીં વિશ્વયુદ્ધમાં કદી ભેટી ગયેલી કોક ચાલુ માટેના
મદમાતા ઝુરાપાની — લો, એને યાદ નથી આવતું

એનું નામ, કે એ કામ કરતી'તી તે ઠામ, તે રસ્તો
જ્યાં એનો અડ્ડો હતો, પણ શું હું મદદ કરી શકું શોધવામાં ?

એ ક્યારેય વીસર્યો નથી . . . હું એટલી તો થાકીપાકી જતી
આઠ આઠ કલાક સતત ચાલતી ફોનની ટ્રિંગ ટ્રિંગથી

કે મન થતું કે મારા વાળ ખેંચી કાઢું, એક એક કરીને
બધીયે પાતળી લટો મિટાવી દઉં. એ એક નવું શોધાયેલું

નરકનું વિષ-વર્તુળ હતું.; અને તમે જો ત્યારે ત્યાં હોત
તો કદાચ એ વાતને સમજી શક્યા હોત કે

શાથી પેલી બદનામ હિપ્પી છોકરી ઓચિંતી એની
ખુરશીમાંથી ઊઠી, ઇઅરફોન ખેંચી કાઢ્યા, ને ચઢી ગઈ

કાઉન્ટર ઉપર, જે અમારા લાંબા કાળા સ્વિચબોર્ડ પછવાડે
રૂમની પૂરી લંબાઈ સુધી સળંગ પથરાયેલું હતું,

ને પછી સ્ટેશનથી સ્ટેશન ખસતી દરેક કોર્ડને એના કાળા
બોગદામાંથી ખેંચતી ગઈ, એક પછી એક જોડાણને

કાપતી ગઈ, જાણે કે શૃંખલાબદ્ધ શુક્રધારાઓનો
જાણીજોઈને થયેલો અવરોધ, આખાય સ્વિચબોર્ડ સુધી.

અંતે લોકોએ એને રોકી અને દોરીને લઈ ગયા.
એ જરૂર LSD લઈ ચૂકી હશે, આલામીડા મિલિટરી

મથકની એક પરણેલી બોલી; અને એ અન્ડરવેઅર
પણ પહેરતી નથી, કોઈ બીજીએ વળી ઉમેર્યું.

એ ૧૯૭૦, તે જમાનો જ્યારે 'ઓકલેન્ડ ઓવરસીઝ'
હજી હાથથી ચલાવવામાં આવતું, પણ ફોનની ઘંટડીનો

ધિક્કાર અત્યારેય મારી ભીતર ભરેલો પડ્યો છે.
હું કોઈ રૂમની બરોબર વચમાં ઊભી રહીશ

અને એ કમબખ્ત ચીજને એનું નાનું માથું ઢળી પડે
ત્યાં સુધી વાગતી જોયા કરીશ, અને એની લાચારી પર

helplessness. I will walk out the door, fill
my lungs with ice, head for the far-off peaks.

I will lose myself, become one small, dark stroke
in the white stillness of snow. I'm telling you

now, it was a brand new circle of hell,
but how could we know that, then? We had jobs,

the market was tight, and the union
won us cab rides home when we worked at night.

મૂરખની જેમ હસીશ. પછી ચાલી નીકળીશ બારણા બહાર,
મારાં ફેફસાંમાં બરફ ભરીને આઘેનાં શિખરો ભણી.

જાતને ખોઈ દઈશ, ને બરફની સફેદ નિસ્તબ્ધતામાં
નાનો ઘેરો લીટો બની જઈશ. આ હું તમને અત્યારે

કહી રહી છું, કે એ નરકનું નવુંનક્કોર કુંડાળું હતું,
પણ અમે એ કેમ જાણી શક્યા હોત, તે વખતે ? અમારી પાસે

તો નોકરી હતી, ને માર્કેટ તંગ હતી, યુનિયનવાળાએ
રાતપાળી પછી ઘેર જવા ટૅક્સીની રકમ પણ જીતી આપી હતી.





ટોમી ઇનબર્ગ
(Tommy Inberg)

## o આ અંકના ફોટો-કલાકાર

સ્વિડનના રહેવાસી યુવાન ફોટો-કલાકાર ટોમી ઇનબર્ગ (Tommy Inberg) કમ્પ્યુટર વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી આપબળે ફોટોગ્રાફી શીખ્યા છે. ફોટોગ્રાફી શીખ્યા પછી એક સમયે સાવ શૂન્યમનસ્ક અવસ્થામાં પહોંચી જઈ ફરીથી નાવ-અવતરણ પામેલા અને અતિવાસ્તવવાદમાં કામ કરતા આ યુવાન ફોટો-કલાકારને ટૂંકા ગાળામાં અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. તેમનાં પ્રદર્શનો દેશ-વિદેશમાં યોજાયાં છે. તેમની કેફિયત મુજબ તેઓ કલા દ્વારા આંતર અને બાહ્યના વિરોધાભાસ વચ્ચે સ્વકિય સમતુલા પ્રાપ્ત કરી શક્યા છે.
તેમના કામ અને તેમાં વરતાતા અતિવાસ્તવ વિષેનો રસપ્રદ લેખ વાંચવા આ લિંક પર ક્લિક કરો :
http://theglobalpanorama.com/reality-rearranged-by-tommy-ingberg/

તેમનું કામ તેમની વેબસાઈટ www.ingberg.com પર ઉપલબ્ધ છે.

## ઑફિસ અને ફિલ્મ

પ્રખ્યાત અંગ્રેજી ફિલ્મ 'Playtime' આધુનિક ઑફિસની સંસ્કૃતિને નિરૂપતી નોંધપાત્ર કૃતિ છે. એક રસપ્રદ અનુભવ બની રહેશે. આ ફિલ્મના ઘણા અવતારો YouTube / Web પર ઉપલબ્ધ છે. એક લિંક આપ સહુ વાચકો માટે અહીં મૂકી રહ્યા છીએ. આશા છે કે આપને એ ગમશે... લિંક : http://www.ebertfest.com/seven/playtime.htm

## O મને 'સ' વર્ગમાં ફાઈલ કરજો : એક નારીવાદી ઑફિસ-કાવ્યનો અનુવાદ-આસ્વાદ

**O યોગેશ વૈદ્ય**

### The Secretary Chant



My hips are a desk,
From my ears hang
chains of paper clips.
Rubber bands form my hair.
My breasts are quills of
mimeograph ink.
My feet bear casters,
Buzz. Click.
My head is a badly organized file.
My head is a switchboard
where crossed lines crackle.
Press my fingers
and in my eyes appear
credit and debit.
Zing. Tinkle.
My navel is a reject button.
From my mouth issue canceled reams.
Swollen, heavy, rectangular
I am about to be delivered
of a baby
Xerox machine.
File me under W
because I wonce
was
a woman.

**O Marge Piercy**

### સેક્રેટરીનું કીર્તન



મારા ઢગરા ટેબલ છે.
મારા કાનમાંથી લટકે છે
યુ-પિનની સાંકળ
રબરબૅંડ મારા વાળ બન્યાં
મારાં સ્તનો સાહીના ખડિયા
પગ ખુરશીનાં પૈડાં છે
ટડિંગ્.. ટડિંગ્. ક્લિક્

મારું માથું વીંખાઈ ગયેલી ફાઇલ છે
મારું માથું છે સ્વિચબોર્ડ
જ્યાં છેદાતી લાઈનો તડતડે છે
મારી આંગળીઓને દાબો
મારી આંખોમાં દેખાશે જમા-ઉધાર
ટડિંગ્.. ટડિંગ્

મારી નાભિ છે નકારનું બટન
મારા મોંમાંથી મેળવો રદ થયેલા કાગળિયા.

સૂજેલ, ભારેખમ, ચોરસ
હું એક બાળ ઝેરોક્ષ મશીનને
જન્મ આપવાની તૈયારીમાં છું.

મને 'સ' વર્ગમાં ફાઈલ કરજો
કારણ હું એક સમયે
સ્ત્રી હતી.

**O મર્જ પિએર્સી        અનુવાદ: યોગેશ વૈદ્ય**

સેક્રેટરીનું કીર્તન – આ ૧૯૭૩માં રચાયેલી અમેરિકન કવિતા એક ઑફિસ સેક્રેટરીના મુખમાં મુકાયેલી અને મૂળે એક નારીવાદી કવિતા છે. પ્રથમ પંક્તિથી જ આ કવિતા તેનો જલદ મિજાજ પ્રદર્શિત કરી દે છે. અમેરિકન કવયિત્રી મર્જ પિએર્સી તેના આવા મિજાજ માટે જાણીતાં છે. તેઓ કહે છે-

મારા ઢગરા ટેબલ છે
મારા કાનમાંથી લટકે છે
યુ-પિનની સાંકળ
રબરબૅંડ મારા વાળ બન્યાં
મારાં સ્તનો સાહીના ખડિયા
પગ ખુરશીનાં પૈડાં છે

અહીં જાણી-સમજીને જ કલ્પનોનો ઉપયોગ થયો છે. સ્તનો સાહીના ખડિયા છે. (સાહીના ખડિયા જેવાં નહીં) પગ ખુરશીનાં પૈડાં છે (ખુરશીનાં પૈડાં જેવા નહીં) થોડા વિચિત્ર અને નાટકીય લાગતાં કલ્પનો(મેટફર)ની એક લાંબી શૃંખલામાંથી પસાર થતાં થતાં કાવ્યનાયિકાનું માનવમાંથી અમાનવમાં રૂપાંતર ચિત્રીત થવા લાગે છે. જીવતા શરીરનું નિર્જીવ પદાર્થોમાં સ્થિત્યંતર અને સાથે સાથે આ જલદ કલ્પનો સુધી લઈ જતી પેલી ઊંડી માનવીય પીડા પણ આબાદ રીતે કવિતામાં પરોવાઈ ગઈ છે. મણકાની માળાને માળા બનાવી રાખતો અને છતાં નરી આંખે ન દેખાતો કોઈ દોરો જાણે. એક ભાવક તરીકે આપણે ઓવારણાં તો આ દોરાનાં જ લેવાનાં હોય છે.

મારું માથું વીંખાઈ ગયેલી ફાઇલ છે

ચૈતસિક પ્રતિક્રિયાઓનું થઈ ગયેલું આ ગાણિતિક/વ્યાપારિક રૂપાંતરણ જુઓ ;

મારી આંગળીઓને દાબો
મારી આંખોમાં દેખાશે જમા-ઉધાર

આગળ તે કહે છે ;

મારી નાભિ છે નકારનું બટન
મારા મોંમાંથી મેળવો રદ થયેલા કાગળિયા

જ્યાં વ્યક્તિ વ્યક્તિ મટીને મશીન બની જતી હોય ત્યાં ઓધાન પણ મશીનનાં રહેતાં હોય અને જન્મ પણ મશીનોના જ થતા હોયને !

હું એક બાળ ઝેરોક્ષ મશીનને
જન્મ આપવાની તૈયારીમાં છું.

અહીં સુધી પહોંચતાં પહોંચતાં ભાવક પણ સહજતાથી જ સ્વીકારી લે છે આ અસ્વાભાવિક પ્રક્રિયાને. એક જીવતી-જાગતી વ્યક્તિ એક નિર્જીવ ઝેરોક્ષ મશીનને જન્મ આપે ત્યાં પેલા રૂપાંતરણના ચરમને પામી શકાય છે. અને જ્યારે એક વ્યક્તિ, વ્યક્તિ તરીકે અસ્તિત્વમાં રહે જ નહીં ત્યારે..

મને 'સ' વર્ગમાં ફાઈલ કરજો
કારણ હું એક સમયે
સ્ત્રી હતી.

અહીં કવિતા થોડી બોલકી અને નાટકીય થઈ ગયેલી જણાય. પણ આજીવન બીજાઓના રુઆબ તળે પોતાના અવાજને દબાવી રાખનાર કોઈ સેક્રેટરી તેના મૌનની વિસ્ફોટક સ્થિતિએ પહોચે ત્યારે આવો વિચલિત કરી દેતો ‘ખખડાટ’ તો થવાનો જ.





( આપણો પરિવેશ હવે બહુભાષાઓનો પરિવેશ બનતો જાય છે. આપણે ભલે કોઈ એક ભાષામાં આપણો વ્યવહાર ચલાવતાં હોઇએ, પણ આપણી વ્યવહારની ભાષાના વણાટમાં બીજી અનેક ભાષાઓના લય–લહેકાઓ ભળેલા હોય છે. જ્યારે વ્યવહારની ભાષાના ધરાતલ પરથી આપણે અન્ય ભાષાઓની વસ્તીઓમાં પ્રવેશ કરીએ ત્યારે ઘણાં અટપટાં સમીકરણો સાથે આપણો મુકાબલો થાય છે. કેટલાક મળતા-ભળતા તો કેટલાક આગવા અને અજાણ્યા પદાર્થોનો મોમેળાપ થાય છે. લગભગ એક સરખી જ સામાજિક અને રાષ્ટ્રિય ચેતનામાં જીવતા સર્જકો કોઈ એક વિષયને કેવી રીતે પોતપોતાની ભાષામાં ની રુપે છે તે જાણવું-માણવું પણ ખરેખર રસપ્રદ બનતું હોય છે. આ પ્રક્રિયાથી ભારતીય સાહિત્ય અને ભગિની ભાષાઓ બાબતે આપણને વ્યાપક એવી સમજણ લાધે છે, આપણી ભાષાની ભૂગોળનો ખ્યાલ વિસ્તરે છે.

કંઈક આવી છે આ ‘વાતાયન’ની પીઠિકા. આપણી ભાષાની બારીએથી પ્રવેશતાં અને કુનેહથી આપણી ભાષામાં પોતાની જગા કરી લેતાં અનેક પવનોને, અજવાળાંને, અંધારાંને, ગંધોને પામવાનો હેતુ અહીં આપણા યુવાન કવિ શ્રી પીયૂષ ઠક્કરનો છે. – **સંપાદક** )

## વિષ્ણુ નાગર:

(જ. ૧૯૫૦; આધુનિકોત્તર હિંદી કવિતાના પ્રતિ ષ્ઠિત કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વ્યંગકાર અને લોકપ્રિય હિંદી સાપ્તાહિક ‘શુક્રવાર’ના સંપાદક. સાહિત્યનાં સ્વરૂપોમાં વૈવિધ્ય અને નવીનતા એમનું જમા પાસું છે. સંખ્યાની દૃષ્ટિએ પુસ્તકોમાં આઠ કાવ્યસંગ્રહ, સાત વાર્તાસંગ્રહ, ચાર લેખ/નિબંધસંગ્રહ, એક વિવેચનસંગ્રહ, છ વ્યંગ્યલેખોનો સંગ્રહ અને એક નવલકથા. વર્ષ ૨૦૧૧થી નિયમિત પ્રકાશિત થતી ‘શુક્રવાર’ સાપ્તાહિકની સાહિત્ય વાર્ષિકીએ સામગ્રી અને સંયોજનાની દૃષ્ટિએ વાચકોમાં અનેરું આકર્ષણ જન્માવ્યું છે.)



### ૧. નોકરી જવાની હતી

પરોઢ થવામાં હતું
ચકલી ચકચક કરવામાં હતી
ચોકીદારને ઊંઘ આવવામાં હતી
છોકરી એકથી બીજા સપનામાં
જવામાં હતી

આ બધું જ બનવામાં હતું
ત્યારે જ તો એ ગભરામણમાં બેઠો થઈ ગયો
આજે એની નોકરી જવાની હતી

પરોઢ થવામાં હતું. (‘હઁસને કી તરહ રોના,’ ૨૦૦૬ )

### ૨. એ મશીન બની ગયો હતો

એ માણસમાંથી
મશીન બની ગયો હતો
એટલે જ તો એ થાકતો ન હતો
પછી ભલેને એ ગર્મ થઈ જતો હોય

એ માંદો પડતો ન હતો
ખોટકાઈ જતો ક્યારેક
એની સારવાર કરાવવામાં  આવતી નહીં

બલ્કે રિપેર કરાવવામાં આવતો
પહેલાં એ કામ કરતો હતો
હવે એ ઉત્પાદન કરવા લાગ્યો છે

વળી એ મર્યો પણ નથી ક્યારેય
જૂનો જરૂર થયો છે
એટલે જ એને જ્યારે ભંગારમાં કાઢયો
માલિકે તો એમાં પણ ખાસ્સા એવા રૂપિયાની કમાણી કરી. (‘હઁસને કી તરહ રોના,’ ૨૦૦૬)

### ૩. સરવટે બસ સ્ટેન્ડ

ઈંદૌરના સરવટે બસ સ્ટેન્ડ પર કોઈ દેવાસ જવા માટે નથી આવ્યું
જોકે અમારી બસનો એ કંડક્ટર કહો કે પછી ક્લીનર
દરેકને દેવાસ લઈ જવા માટે તત્પર છે
એની વાત સાંભળવા છતાં જેઓ એને અવગણી રહ્યાં છે
એમને પણ બીજી ત્રીજી વાર કહેતો ફરે છે
‘અરે દેવાસ આવવું નથી !
કાં જશો ભઇસાબ, કાં જશો બેનબા, બેસો બેસો
બસ હમણાં નહીં મળે, કલાક પછી આવશે, આવી જાઓ
નહીંતર પસ્તાશો’

વાસ્તવમાં તો દેવાસમાં એવું તે કંઈ જ નથી કે દરેક જણ ત્યાં જાય
વળી મહાકાલના મંદિર સિવાય ઉજ્જૈનમાં પણ એવું કંઈ જ નથી કે
બધાંએ બધાંને ત્યાં જવું હોય
લોક તો દેપાલપુર, માચલપુર, શાજાપુર, હાટપીપલ્યા, બદનાવર, નરસિંહગઢ,
રાજગઢ પણ જવા માંગે છે
આમ જુઓ તો ત્યાં તો કશું જ નથી છતાં
અબઘડી તો એમનું બધુંય ત્યાં જ છે
જોકે દેવાસ–દેવાસ–દેવાસની એની હાક શમતી નથી
જ્યાં સુધી બસ સ્ટેન્ડનું દરેક પ્રાણી સાંભળી નથી લેતું દસ–વીસ–પચ્ચીસ–પચાસ વાર
એ અટકતો નથી
તેમ છતાં બસ ઊપડતી નથી કેમ કે એ દરેક માણસ જે બસ સ્ટેન્ડ પર છે
બસ સ્ટેન્ડે આવી રહ્યો છે
દેવાસ જવાવાળો હોઈ શકે છે
હોઈ શકે એમ નહીં બલ્કે જવાનો જ છે
શું ખબર એમને પણ જવું પડે, જેઓ હમણાં તો અકડા થઈને ઊભાં છે
જેઓ એનો અવાજ અવગણી રહ્યાં છે

જોકે એને જ ક્યાંય જવું નથી
દેવાસ આવી જશે તો એ ઈંદૌર– ઈંદૌર– ઈંદૌર કરવા લાગશે
એ નથી તો અંત સુધી પહોંચવાં માગતો કે ન અનંત
એણે તો દરેકને લઈ જવો છે દેવાસ, દેવાસ, દેવાસ. (‘જીવન ભી કવિતા હો સકતા હૈ,’ ૨૦૧૪)

## ૪. ગધેડો

જો ગધેડો
ખુરસી પર બેઠો હોય
તો પહેલીવાર એમ જ લાગવાનું કે
કે ના, આ એટલો ગધેડો ન હતો
જેટલો કે આપણે એને સમજતા હતા

જોકે તેમ છતાં આપણો અભિપ્રાય એ જ રહે છે
કે આખરે છે તો આ ગધેડો જ
ને આજે નહીં તો કાલે આ પુરવાર તો થવાનું જ

જોકે આવતીકાલે પણ જ્યારે એ ગધેડો પુરવાર નથી જ થતો
તો આપણે કહીએ છીએ કે હતો તો આ ગધેડો જ
પણ ખુરસીએ એને શીખવ્યું છે કે
ગધેડાએ પણ ઓછામાં ઓછું ઘોડા જેવું તો લાગવું જ જોઈએ
આજ સુધી એટલે જ તો એ બચ્યો છે
ને એકાદ દિવસ જ્યારે પુરવાર થશે કે આ ગધેડો જ છે
એ જ દિવસથી એની બાજી બગડવાની

એ દિવસ આવે એ પહેલાં
આપણને ગધેડાનું એક અર્જન્ટ કામ નીકળી આવે છે
મનોમન ગધેડાને ગધેડો માનવા છતાં
આપણે ગધેડાના શરણે જઈએ છીએ
ને જ્યારે ગધેડો આપણી સાથે ઇજ્જતથી વર્તે છે
તો આપણે એમ માનવાને લાચાર થઈએ છીએ કે
ના, ગધેડો તો આ હતો જ નહીં
આપણે જ એને આજ સુધી ખોટો સમજી રહ્યા હતા

ને એક દિવસ રસ્તે જતાં જ્યારે એ આપણને એક લાત ઠોકી દે છે
અથવા તો નજીક જતાં જ પેશાબ કરી દે છે
તો આપણે ફરી આપણો અભિપ્રાય બદલીએ છીએ કે આ ગધેડો છે જ
ને સેંટ પરસેંટ ગધેડો છે

જોકે આપણે કહી શકતા નથી કે અબે ઓય ગધેડીના
અને જ્યારે એ આપણને કહે છે કે રસ્તા પર બરાબર ચાલવાનું રાખો
તો આપણને ખરેખર જ એમ લાગે છે કે ભૂલ આપણી જ હતી
ને આપણે રસ્તા પરથી નીચે ઊતરીને ચાલવાનું શીખીને આપણી ભૂલ
જીવનભર માટે સુધારી લઈએ છીએ. ('હઁસને કી તરહ રોના,' ૨૦૦૬ )

જુઓ ભાઈ, અમે તો ખાનદાની માણસો. બનશે ત્યાં સુધી અમે આપને છૂટા નહીં કરીએ. બસ એટલું કરીશું કે વચ્ચે વચ્ચે થોડુંક થોડુંક આપનું અપમાન કરતા રહીશું. જેથી આપ એટલાં તો ઘડાઈ જાવ કે કોઈપણ પરિસ્થિતિમાં નોકરી કરવાનું શીખી જાવ. ને આપનું તેમ જ આપના પરિવારનું ભરણપોષણ ચાલતું રહે.

આ અપમાનના કારણે જો આપ ઓછું કે ક્યારેક કંઇક વધારે માંદા પડી જાઓ તો વાંધો નહીં. અમે આપની યથાશક્તિ સારવાર કરાવીશું અને આપ સાજા થઈ જાઓ ત્યારે આપને શુભેચ્છા પાઠવતાં કહીશું કે જીવનમાં માંદગી તો ચાલ્યા જ કરે. એ પછીના થોડાક દિવસોમાં અમે ફરી આપનું અપમાન કરીશું. જોકે વચ્ચે વચ્ચે આપની પ્રશંસા કરતાં રહીશુ ને અન્યો સામે આપનો જ દાખલો પણ આપીશું ને આપને એવા તો ભ્રમમાં રાખીશું કે રખેને આપ નોકરી છોડીને ચાલ્યા જાઓ કે પછી સતત સંતાપ/ તણાવના કારણે આપ આત્મહત્યા ન કરી બેસો, કારણ કે એવું આ મહાપાતક અમે અમારા માથે લઈએ જ શાના ! એનાથી તો અમારી કંપની અને અમારી બ્રાંડ બદનામ જ થાય ને!

ઠીક, તો પછી જ્યારે અમારા આવાં નાનાં નાનાં અપમાનથી આપ ટેવાઈ ગયા હશો ત્યારે આપના જ હિતમાં અમે આપનું એક દિવસ અચાનક જ મોટું અપમાન કરી દઈશું. એટલે કે આપના જુનિયરની સામે આપને વઢીશું કે પછી આપને ઉઠબેસ કરાવી દઈશું કે પછી ડિમોટ કરી દઈશું. જોકે એથી આપ ગભરાશો નહીં, એને તો ઇગ્નોર જ કરજો, એમ માનીને ચાલજો કે નોકરીમાં તો આવું અવારનવાર જરૂરી છે. એથી આપને લાભ એ થશે કે આપને આપનું માપ હંમેશાં યાદ રહેશે. કેમકે, ઘણીવાર અતિ ઉત્સાહી કર્મચારી પોતાની વફાદારી બતાવવાના ચક્કરમાં પોતાના હાથ નીચેના કર્મચારીઓ સાથે એવો તો વ્યવહાર કરતા હોય છે કે જાણે પોતે જ માલિક ન હોય. આમ તો જોકે એથી કંપનીને જ ફાયદો થતો હોય છે. ને એટલે જ તો કંપની પોતાના કર્મચારીનો આવો મૂર્ખતાભર્યો વ્યવહાર સહન કરી જાય છે. પણ ક્યારેક ક્યારેક પોતાની વફાદારીના પ્રદર્શનમાં એ એટલો તો આગળ નીકળી જાય છે કે મેનેજમેન્ટ માટે પ્રોબ્લેમ થઈ પડે છે.

આમ તો જોકે કર્મચારીને આવી ટ્રીટમેન્ટના કારણે મોટો એવો શૉક લાગતો હોય છે. એ વિચારતો હોય છે કે 'યાર, આ તો હું કંઈ મારા માટે તો નો'તો કરતો, કંપની માટે જ તો કરતો હતો, ને એની પણ સજા મને જ કરવામાં આવી રહી છે.' આવાં તે કંઈક શૉકના કારણે એનાં કુટુંબીજનોએ એને હોસ્પિટલમાં દાખલ પણ કરાવવો પડે છે. વળી એ એટલો બધો તે હતાશ થઈ જતો હોય છે કે એકાદ બે દિવસ નોકરી પર પણ નથી આવતો.

હોસ્પિટલમાં દાખલ થવું પડે તો ઠીક, નહિતર એના હિતમાં તો એ છે કે, એ એવું ન જ જતાવે કે એને જબ્બર મોટો આઘાત લાગ્યો છે. બલ્કે બીજા જ દિવસે ઑફિસમાં આવીને એણે જરૂર કરતાં વધારે મલકાવું જોઈએ. પછી ભલેને એના સાથીદારો એની મશ્કરી કરે.

એને એવું તો બતાવવું જોઈએ કે આવી પરિસ્થિતિમાંય એ મેનેજમેન્ટનો પ્રિય છે. માન–અપમાન તો નોકરીમાં ચાલ્યાં જ કરે. કોઈ અન્ય જગાએ જશો તો ત્યાં પણ આમ જ થવાનું. આજે જે એની સાથે બન્યું છે તે કાલે કોઈ બીજા સાથે પણ બની જ શકે.

વાસ્તવમાં તો કોઈ ગમે એટલો વફાદાર કેમ ન હોય, અમને તો એનું અપમાન કરવાનાં કોઈ ને કોઈ કારણ વગરશોધ્યે મળ્યાં જ કરવાનાં. તો ભાઈ, જવાદો ને વાત, અત્યારથી કંઈ એની ફિકર કરવાની જરૂર નથી. આપ મન દઈને કામ કરો ને તરક્કી પામો. આપનું હાર્દિક સ્વાગત છે. બેસ્ટ ઑફ લક. એ ભાઈ, જરા આમને એમની સીટ બતાવજો ને ! ('ઘર કે બાહર ઘર,'૨૦૧૦)

O જિતુ પુરોહિત



## O વિદેશની ધરતી પર છલોછલ છલકતો 'પ્રેમરસ પ્યાલો '

"અહીઁ લખાતી ગઝલ દેશવટો અને સાથે ભાષાવટો પણ ભોગવતા અને વતન ઝુરાપા સાથે જીવતા લોકો માટે લોકભોગ્ય બની રહે અને તેઓ ગુજરાતી ભાષામાં અને એમાં લખાતી કવિતાઓ અને ગઝલોમાં રસ લેવાનું ચાલુ રાખે એ આશયથી અમે પ્રથમથી જ અમારા એ વાચકો અને શ્રોતાઓને ધ્યાનમાં રાખીને ગઝલો સીધીસાદી ભાષામાં મોટાભાગે પરંપરાગત પ્રતીકોને ઉપયોગી લખવાની નેમ રાખી છે."

ઉપરોક્ત વિધાનો વિદેશની ધરતી ઉપર ભારતીય શ્વાસ ભરતા ગુર્જરીના ગઝલકાર "મહેક" ટંકારવીના છે. તેમના ચોથા ગઝલસંગ્રહ "પ્રેમરસ પ્યાલો"ના આરંભે કેફિયતમાં તેમણે આ વિધાનો કહ્યાં છે.

આમ તો છેક ૧૯૬૬થી વિદેશની ધરતી પર ગુજરાતી ગઝલો ફૂલતી-ફાલતી રહી છે અને એ રીતે ગુજરાતની એક ગઝલશાખા વિદેશમાં પણ સારી એવી પાંગરી છે. સદનસીબે ત્યાંના ગઝલ-ઉપવનને અદમ ટંકારવી જેવા માળી મળ્યા અને એથી જ એ ઉપવનમાં ગઝલકુસુમો સદા ખીલતાં રહ્યાં છે.

પ્રસ્તાવનામાં કવિ અદમ ટંકારવી લખે છે- "એમની ગઝલોના ભાવવિશ્વમાં છે પરમતત્ત્વને પામવાની આરત-આતુરતા એ માટેની ખોજ-ખંખોળ,પરબ સુધીની પહોંચ અને હવે એ પરબમાંથી પ્રેમરસનો પ્યાલો પી પરમતૃપ્તિ." કવિ અદમ ટંકારવી આગળ લખે છે- "આ પ્રવાસને આરંભે કવિ "સળગતાં રણ"માં "પ્યાસાં હરણ"ની તૃષા લઈને નીકળે છે પાણીની તલાશમાં 'રણમાં, ક્ષણમાં, કોઈના ચરણમાં ભટકે છે."

સુક્કા સળગી રહેલ રણ માંહે
પ્યાસા હરણની પ્યાસ ભટકે છે.

કોઇ ઉજડી ગયેલ ઉપવનમાં
જાણે ફૂલોની વાસ ભટકે છે.

પરમને પામવા ભટકી રહેલું કવિનું હરણ રૂપી અસ્તિત્વ પરમ માટે તીવ્રતાથી છટપટે છે -તડપે છે.

સ્વપ્નો તણી ખુશી પણ દુનિયાએ લૂંટી લીધી,
રાતો વિરહવ્યથાની ને જાગરણની આપી.

આ કવિની ગઝલો પરંપરા અને પ્રયોગશીલતા વચ્ચે એક સેતુ બાંધવા મથતી રહે છે. સીધી અને સરળ ભાષામાં હૃદયની ભાવ-ઊર્મિઓ એમની ગઝલોમાં નીતરતી રહે છે ત્યારે કવિ અદમની ગઝલનો એક શેર યાદ આવે છે-

કહી દો અદમ ગઝલ સીધીસાદી,
જીવીકાકીની સરલા જેવી.

કવિ મહેકની ગઝલો આમ જીવીકાકીની સરલા જેવી બની રહે છે. ઈશ્વરની સર્વવ્યાપકતા આ કવિની રચનામાં આ રીતે આવે છે-

મત્લામાં નામ તારું, મક્તામાં નામ તારું,
મારી ગઝલના હર એક મિસરામાં નામ તારું

તારું જ નામ ગુંજે મંદિરમાં મસ્જિદોમાં,
કાશીમાં નામ તારું કાબામાં નામ તારું.

અહીં કવિનો સનમ સાથેનો સીધો સંવાદ સધાયો છે અને એ રીતે ગઝલનો અર્થ પણ કવિએ સાર્થક કરી બતાવ્યો છે.

⤼

બોલ્યા  તમે એ   વાતને વર્ષો  વહી ગયાં
દિલમાં હજીય કેમ એ પડઘાય છે અવાજ.

જે દિનથી તારી યાદના દીવા બૂઝી ગયા,
સૂરજ  તો   ઊગે   રોજ અંધાર છે  બધે.

આ સંગ્રહનાં પાનેપાને ગઝલરસના પ્રેમપ્યાલાઓ છલકતા પડ્યા છે. ને એમાંથી એક-બે બુંદ છલકાઈને આપણને ચાખવા આકર્ષે છે.

એવા  કરે છે   સોદા  દીવાના ઇશ્કમાં
સરવાળો બાદબાકી ગુણાકાર થાય ના

ખાલી થવાનો હોય છે આનંદ કંઈ જુદો
જે કંઈ મળ્યું છે તેને લૂંટાવીને તો જુઓ.

ખુલ્લું મન રાખી પ્રવેશી તો જુઓ
બંધ   કોઈ   દ્વાર જેવું   કંઈ  નથી.




કદી તો પલળશે કદી તો પીગળશે
હું પથ્થર ઉપર પણ વરસ્યા કરું છું

એ જ ભૂલી ગયા છે સૌ  અહીંયાં
ક્યાંથી આવ્યા ને ક્યાં જવાનું છે.

આરંભથી તે અંત સુધીની આ દોડધામ
બે ગજ જમીનથી વધુ પામી નહીં શકો.

છે વતનની ધૂળનો અહીંયાં અભાવ
બાકી તો અહીંયાં   બધું સારું જ  છે.

તારી કૃપા તો વહેતી  હતી  ઘરને આંગણે
ને લોક એને પામવા  ક્યાં-ક્યાં સુધી ગયા.

આ કવિની કલમ હજુ પણ વધુ ને વધુ મહોરતી રહે કોળતી રહે એવી શુભકામના પાઠવીએ.

પ્રેમરસ પ્યાલો
ગઝલસંગ્રહ  -  કવિ 'મહેક' ટંકારવી
37 The Beeches      Bolton UK
BL1   7BS  Mob.+441204591709

" Traditional conscription armies produced discipline, the most precious resource for traditional, *ancient regime* societies. Contemporary offices and factories produce obedience, the necessary cement for a society struggling to maintain an abstract, immortal roof over its head. If we want to understand this relationship between obedience and Religion, we must begin by taking a closer look at obedience itself "

**By: Frederico Campagna      From:The Last Night**

**O** કવિ ધ્વનિલ પારેખનું કાવ્યપઠન વેરાવળ ખાતે શ્રી નવલભાઈ ભાવસારના નિવાસસ્થાને તા. ૨૨-૦૪-૨૦૧૪ના રોજ યોજાયું. મોડી રાત સુધી વેરાવળવાસીઓ કવિતાથી તરબતર થયા.

**O** ૨૧ માર્ચનો દિવસ યુનેસ્કો દ્વારા ‘વિશ્વ કવિતા દિવસ’ તરીકે ઉજવાય છે. શ્રી સાંઈલીલા વેલ્ફેર ટ્રસ્ટ, બોરીવલી, મુંબઈના ઉપક્રમે ‘ઝરૂખો’ની વિશેષ બેઠક યોજાઈ, જેમાં અનેક કવિઓએ પોતાનાં કાવ્યો રજૂ કર્યાં. તેમાં મીનાક્ષી દીક્ષિત, પ્રતિમા પંડ્યા, સુનિલ મેવાડા, હેમંત કારિયા, જયેશ ચિતલિયા, દીપ્તિ બુચ, ભાવેશ શાહ, પ્રણય રૂપારેલ, નિકિતા પોરિયા, નિધિ પરમાર, રાજુલ ભાનુશાલી, ગીતા ત્રિવેદી, સતીષ વ્યાસ, રાજેશ પંડ્યા, સંજય પંડ્યા વગેરે હાજર રહ્યા હતા. ડૉ.અમરે પોતાની હિંદી રચના સંભળાવી તો ટ્રસ્ટી યોગેન્દ્રભાઈ રાવલે ટાગોરની રચના સંભળાવી. શ્રોફ કૉલેજના ત્રણ વિદ્યાર્થીઓએ કાવ્યપઠન સાથે નરસિંહ મહેતાની રચનાનું ગાન કર્યું હતું.

**O** ધબકાર-મુંબઈ દ્વારા કાવ્યગોષ્ઠિ અંતર્ગત ગ્રાંટરોડસ્થિત શ્રી ચેતન ફ્રેમવાલાના નિવાસસ્થાને ગઝલકાર રાહી ઓધારિયાની યાદમાં તા.૩૦-૩-૨૦૧૪ના રોજ તથા રેનુ ગુરનાનીની યાદમાં તા.૨૦-૪-૨૦૧૪ના રોજ સુંદર કાર્યક્રમો યોજાયા. ઘરદીવડાનું કામ કરતા આવા ઉપક્રમમાં ભાગ લેવા મુંબઈમાં વસતા સાહિત્યરસિકો શ્રી ચેતન ફ્રેમવાલાનો સંપર્ક કરી શકે છે. તેમનો મોબાઈલ નંબર ૦૯૩૨૦૦૩૩૭૨૨ છે.

**(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા ‘નિસ્યંદન’ ઉત્સુક છે.)**

## O આપના પ્રતિસાદ......

**O** તમને એક ખાનગી વાત કહું : અમેરિકામાં વસતા એક સાક્ષરે જ્યારે જાણ્યું કે હું ‘નિસ્યંદન’ નથી વાંચતો. તો પ્રેમભાવથી મારી ઝાટકણી કાઢી હતી. **- હરનિશ જાની**

**O** Yogeshbhai, You have done literary justice by publishing this issue on Himmat Khatsuriya. I had met him in Bhavnagar with our beloved poet Dr. Pathik Parmar. I have gone through the whole issue and you really deserve congratulations. **- Harish Mangalam**


**O** 'નિસ્યંદન' એક અદભુત પ્રયાસ.... કવિતાને સાચું સરનામું આપવાનું કર્તવ્ય 'નિસ્યંદન' દ્વારા શરૂ થયું છે, જે ખૂબ પ્રશંસનીય છે. ફેઈસબુકના માધ્યમ ધ્વારા 'નિસ્યંદન'ના પરિચયમાં આવવાનું થયું અને આપની વેબસાઇટ પરથી ઘણા અંકોનો આસ્વાદ પણ માણ્યો. **- મ. રિઝવાન ઘાંચી**

**O** Thank you very much for your files, is look great (to bad that i cannot read it ), but I'm sure is a lovely one.
But I have one question, is this one also a printed magazine? because I will love to have one.
My best regards, **- Caras Ionut (અંક ૧૨ ના ફોટોકલાકાર)**

**O** હિંમત ખાટસૂરિયા વિશેષાંક બે કારણે ગમ્યો. પ્રથમ તો તમે એક ખૂબ જ સક્ષમ છતાં ગુજરાતી સાહિત્યમાં ઉપેક્ષિત એવા કવિને યાદ કર્યા. આ કવિ ઉપ વર્ગોના (સબાલ્ટર્ન) કવિ છે. મહિલાઓની સ્થિતિ અંગે તેમનું કાવ્ય 'ગાય મરી ગઈ, બાઈ મરી ગઈ ' ખૂબ જ ખ્યાતિ પામેલું. ગમવાનું બીજું કારણ અંગત છે. ખાટસૂરિયા વરતેજની શાળામાં ભણાવતા હતા ત્યારથી અમે મિત્રો. બન્નેના ઘરે પરસ્પરની આવનજાવન. પૂર્ણ સંવેદનશીલ વ્યક્તિ. આટલું અંગત . **- વિદ્યુત જોષી**

**O** આપનો આભાર માનીએ એટલો ઓછો. આપની ઈ-મેઈલ જોઈને બંધ કરવાનું મન નથી થતું અને સમય પાછળ દોડનારા અમે વંચાય એટલું વાંચવા પ્રયત્ન કરીએ છીએ. રહીએ છીએ US, પણ દિલ તો આ વાંચીને ઇન્ડિયા પહોંચી જાય છે
**- પુષ્પા પટેલ**

**O** સરસ અંક થયો છે...’નિસ્યંદન’ના અંકોની ગુણવત્તા જાળવવા માટે આપને વિશેષ અભિનંદન ઘટે છે.તમારી ‘સર્જકના કાયાકલ્પ’ની વાત પણ ગમી ..તસવીરો પણ સરસ... **- દક્ષેશ કોન્ટ્રાક્ટર**



**'ધૂમકેતુ': નવલિકાકાર, નવલકથાકાર, ચિંતક-વિવેચક, નિબંધકાર, ચરિત્રકાર, નાટ્યકાર. (૧૨.૧૨.૧૮૯૨ - ૧૧.૩.૧૯૬૫)**

**ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ':** જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં. ૧૯૧૪ માં મૅટ્રિક. ૧૯૨૦ માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે બી.એ. ગોંડલ રાજ્યની રેલવે ઑફિસમાં અને પછી ગોંડલની હાઈસ્કૂલમાં. ૧૯૨૩થી અમદાવાદમાં સ્થાયી થયા. પ્રારંભમાં અંબાલાલ સારાભાઈના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે અને પછી સર ચીનુભાઈ બેરોનેટના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું. ૧૯૩૫માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો, પણ પરત કરેલો. ૧૯૫૩માં નર્મદ સુવર્ણચંદ્રક. ૧૯૪૪માં વડોદરામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૫મા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. ૧૯૫૭-૫૮માં સાહિત્ય અકાદમી, દિલ્હીના ગુજરાતી ભાષાના સલાહકાર બોર્ડમાં સભ્ય.

એમણે અનેક ગદ્યસ્વરૂપો ખેડ્યાં છે, પરંતુ એમની કીર્તિ તો નવલિકાકાર તરીકે જ પ્રતિષ્ઠિત છે. 'ધૂમકેતુ' ગુજરાતી નવલિકાના આદ્ય પ્રણેતા ગણાયા. 'તણખા' મંડળ ૧ થી ૪ (૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૫), 'અવશેષ' (૧૯૩૨), 'પ્રદીપ' (૧૯૩૩), 'મલ્લિકા અને બીજી વાર્તાઓ' (૧૯૩૭), 'ત્રિભેટો' (૧૯૩૮), 'આકાશદીપ' (૧૯૪૭), 'પરિશેષ' (૧૯૪૯), 'અનામિકા' (૧૯૪૯), 'વનછાયા' (૧૯૪૯), 'પ્રતિબિંબ' (૧૯૫૧), 'વનરેખા' (૧૯૫૨), 'જલદીપ' (૧૯૫૩), 'વનકુંજ' (૧૯૫૪), 'વનરેણુ' (૧૯૫૬), 'મંગલદીપ' (૧૯૫૭), 'ચન્દ્રરેખા' (૧૯૫૯), 'નિકુંજ' (૧૯૬૦), 'સાન્ધ્યરંગ' (૧૯૬૧), 'સાન્ધ્યતેજ' (૧૯૬૨), 'વસંતકુંજ' (૧૯૬૪) અને 'છેલ્લો ઝબકારો' (૧૯૬૪) એ ચોવીસ સંગ્રહોની નવલિકાઓમાં સામાન્ય, દીનદરિદ્ર પાત્રોનો પ્રથમવારનો પ્રવેશ ગુજરાતી નવલિકાક્ષેત્રે ક્રાંતિરૂપ હતો. 'પોસ્ટઑફિસ', 'ભૈયાદાદા', 'લખમી', 'હૃદયપલટો', 'એક ટૂંકી મુસાફરી', 'જીવનનું પ્રભાત', 'તિલકા', 'બિન્દુ', 'સોનેરી પંખી', 'ત્રિકોણ', 'રતિનો શાપ', 'રજપૂતાણી', 'માછીમારનું ગીત' ઇત્યાદિ નવલિકાઓ એમની નોંધપાત્ર કલાત્મક કૃતિઓ છે.

એમણે સામાજિક-ઐતિહાસિક નવલકથાઓ વિપુલ પ્રમાણમાં આપી છે.'પૃથ્વીશ' (૧૯૨૩), 'રાજમુગુટ' (૧૯૨૪), 'રુદ્રશરણ' (૧૯૩૭), 'અજિતા' (૧૯૩૯), 'પરાજય' (૧૯૩૯), 'જીવનનાં ખંડેર' (૧૯૬૩), 'મંઝિલ નહીં કિનારા' (૧૯૬૪) 'ચૌલાદેવી' (૧૯૪૦), 'રાજસંન્યાસી' (૧૯૪૨), 'કર્ણાવતી' (૧૯૪૨), 'રાજકન્યા' (૧૯૪૩), 'વાચિનીદેવી' (૧૯૪૫), 'જયસિંહ સિદ્ધરાજ' (બર્બરજિષ્ણુ) (૧૯૪૫), 'જયસિંહ સિદ્ધરાજ' (ત્રિભુવન ખંડ) (૧૯૪૭), 'જયસિંહ સિદ્ધરાજ' (અવંતીનાથ) (૧૯૪૮), 'ગુર્જરેશ્વર કુમારપાળ' (૧૯૪૮), 'રાજર્ષિ કુમારપાળ' (૧૯૫૦), 'નાયિકાદેવી' (૧૯૫૧), 'રાય કરણ ઘેલો' (૧૯૫૨), 'અજિત ભીમદેવ' (૧૯૫૩), 'આમ્રપાલી' (૧૯૫૪), 'વૈશાલી' (૧૯૫૪), 'મગધપતિ' (૧૯૫૫), 'મહાઅમાત્ય ચાણક્ય' (૧૯૫૫), 'ચન્દ્રગુપ્ત મોર્ય' (૧૯૫૬), 'સમ્રાટ ચન્દ્રગુપ્ત' (૧૯૫૭), 'પ્રિયદર્શી અશોક' (૧૯૫૮), 'પ્રિયદર્શી સમ્રાટ અશોક' (૧૯૫૮), 'મગધસેનાપતિ પુષ્પમિત્ર' (૧૯૫૯), 'કુમારદેવી' (૧૯૬૦), 'ગુર્જરપતિ મૂળરાજદેવ' : ૧-૨ (૧૯૬૧), 'પરાધીન ગુજરાત' (૧૯૬૨), 'ભારતસમ્રાટ ચન્દ્રગુપ્ત': ૧-૨ (૧૯૬૩, ૧૯૬૪), અને 'ધ્રુવદેવી' (૧૯૬૬).'જીવનવિચારણા' (૧૯૭૦)માં સમાજવિષયક નિબંધો છે, તો 'સાહિત્યવિચારણા' (૧૯૬૯) માં ટૂંકીવાર્તાની સ્વરૂપવિચારણા છે. 'પાનગોષ્ઠિ' (૧૯૪૨) માં પણ ચિંતન છે, 'પગદંડી' (૧૯૪૦) માં એમણે પ્રકૃતિસૌંદર્યનાં વર્ણનોને આલંકારિક ગદ્યનો સ્પર્શ આપ્યો છે. 'રજકણ' (૧૯૩૪), 'જલબિંદુ' (૧૯૩૬), 'મેઘબિંદુ' (૧૯૫૦), 'પદ્મરેણુ' (૧૯૫૧) જેવી કૃતિઓમાં ચિંતનકણિકાઓ છે.'કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય' (૧૯૪૦) એમનો ચરિત્રગ્રંથ છે, તો 'જીવનપંથ' (૧૯૪૯) અને 'જીવનરંગ' (૧૯૫૬) એમની આત્મકથા છે; 'જીવનપંથ' અને 'જીવનરંગ'માં ૧૮૯૨ થી ૧૯૨૬ સુધીનાં સંસ્મરણોનું આલેખન છે. 'એકલવ્ય અને બીજાં નાટકો' (૧૯૩૩) તેમ જ 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' (૧૯૪૨) એમના નાટ્યસંગ્રહો છે. જિબ્રાનની કૃતિઓ અને ટાગોરની'ગીતાંજલિ'ના એમણે કરેલા ભાવાનુવાદ ઉપરાંત 'ઇતિહાસદર્શન, 'ઇતિહાસની તેજમૂર્તિઓ' (૧૯૫૫) અને 'ઇલિયડ' (૧૯૬૧) એમનાં અન્ય પુસ્તકો છે.

( વિકીપીડિયામાંથી શ્રી રવીન્દ્ર ઠાકોરનાલખાણના આધારે )